August 2025 - Issue 08
Retail Price 15/-

Gyan Amrit
જ્ઞાનામૃત

स्वतंत्रता दिवस

रक्षाबंधन

દાદી પ્રકાશમણીજીનો
સ્મૃતિ દિવસ (25-08-2007)

મહેસાણામાં 'યોગ દિવસ'ના કાર્યક્રમમાં CISFના કમાન્ડન્ટ અનિકેત અગ્રવાલ, યોગા ક્લાસના ઘનશ્યામભાઈ, ભીમનાથ મહાદેવના મહંત ૧૦૮ પ્રકાશપુરી મહારાજ, બ્ર.કુ. સરલાબેન તથા અન્ય.

ગોધરામાં આયોજિત 'ગુજરાત પત્રકાર એકતા પરિષદ'ના પંચમહાલ જિલ્લા સ્તરીય અધિવેશનમાં પ્રવચન કરતાં બ્ર.કુ. સુરેખાબેન.

રાજકોટ અવધપુરીમાં 'માતેશ્વરી જગદમ્બા સરસ્વતી'ના સ્મૃતિ દિવસે શ્રધ્ધાજલિ અર્પણ કર્યા બાદ રાજયોગિની ભારતીદીદી, બ્ર.કુ. રેખાબેન તથા અન્ય બહેનો.

સુરત સરથાણામાં મહિલા પ્રભાગના 'ઘર એક મંદિર' કાર્યક્રમમાં અન્ય મહાનુભાવો સાથે દીપ પ્રગટાવતાં બ્ર.કુ. તૃપ્તિબેન.

સુરત અડાજણમાં અટલ આશ્રમના સ્વામી બટુકગીરીજી સાથે જ્ઞાનચર્ચા બાદ સમૂહચિત્રમાં બ્ર.કુ. રામનાથભાઈ, બ્ર.કુ. ગોવિંદભાઈ, બ્ર.કુ. દક્ષાબેન.

સંડેરમાં નવનિર્મિત ગીતાપાઠશાળાના ભવનના ઉદ્‌ઘાટન પ્રસંગે મંચસ્થ બ્ર.કુ. સરલાબેન, બ્ર.કુ. નિલમબેન, બ્ર.કુ. નીલાબેન, બ્ર.કુ. પ્રવીણાબેન, બ્ર.કુ. કુસુમબેન તથા બ્ર.કુ. જાગૃતિબેન.

ભાવનગરમાં 'ઘર બને મંદિર' કાર્યક્રમમાં ENT સર્જન ડૉ. પરીધિ નાયક, શાળાના આચાર્ય ભગિની હિરલબેન જેઠવા, વ્યાપારી ભગિની દિશાબેન, બ્ર.કુ. ડૉ. વિજ્ઞાનીબેન, બ્ર.કુ. ઉષાબેન.

નખત્રાણામાં અલ્ટ્રાટેક સીમેન્ટ કંપનીમા 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસે' કાર્યક્રમ બાદ યુનિટ હેડ નવીનચંદ્ર કુકરેતી, HR હેડ અભિજીત જૈન, HR મેનેજર જીતેન્દ્ર રાજપુરોહિત, બ્ર.કુ. ટિન્વકલબેન .

Gyan Amrit
જ્ઞાનામૃત

વર્ષ ૧૮ ઓગસ્ટ - ૨૦૨૫ અંક : ૦૭

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

અમૃતસૂચિ

- ઈશ્વરીય પ્રેરણા ઝીલવાની પાત્રતા ....તંત્રી સ્થાનેથી ..04
- ડ્રામા કલ્યાણકારી છે ....બ્ર.કુ. જૂનાગઢ ..06
- સંસ્કારો પર ‘શેર’ બનીને રહો ....દાદી પ્રકાશમણિજી ..07
- આપણા પ્રશ્ન અને દાદીજીના ઉત્તર ....દાદી જાનકીજી ..08
- વ્યર્થ જતા સમયને બચાવવાના ઉપાય ....બ્ર.કુ. જગદીશચંદ્ર ..09
- જે રસ્તે જવાનું જ નથી એનો રસ્તો ....બ્ર.કુ. સૂર્ય ..10
- ખુશ રહેવું એ મોટામાં મોટી દવા છે......દાદી હૃદયમોહિનીજી ..11
- સમય જે ઈશારો કરી રહ્યો છે તેને સમજો.....બ્ર.કુ. ઉષાબેન ..12
- જેટલા વિચારશો તેટલી પરિસ્થિતિ ....બ્ર.કુ. શિવાની ..13
- બ્રહ્માકુમારી લચ્છુદાદીજી ....બ્ર.કુ. હેમંત ..14
- રક્ષાબંધન ....બ્ર.કુ. વિવેકાનંદ ..19
- શ્રીકૃષ્ણનો અનોખો જન્મ અને વિલક્ષણ જીવન 22
- વાસ્તવિકતા અને વિચારોથી થાય છે..........બ્ર.કુ. રામસિંહ ..24
- તંદુરસ્તીની ત્રણ નિશાની કઈ ? ....બ્ર.કુ. કિશોર ..26
- ભાવનાની પાછળની ભાવના ....બ્ર.કુ. અનુજ ..27
- આધ્યાત્મિક રહસ્ય - શ્રીકૃષ્ણજી ....બ્ર.કુ. જગદીશ ..28
- દિવ્યદર્શન - દીદી પ્રકાશમણિજી ....બ્ર.કુ. ડો. નંદિની ..32
- સંગમયુગ શબ્દાવલી 34

2024ના લવાજમના દર

ભારતમાં

વાર્ષિક લવાજમ	રૂ.	૧૩૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૨,૨૦૦.૦૦
છૂટક નકલ	રૂ.	૧૫.૦૦

વિદેશમાં

એરમેઈલ વાર્ષિક	રૂ.	૧,૬૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૧૨,૦૦૦.૦૦

કૃતિઓ મોકલવાનું સરનામું
બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ
તંત્રી : જ્ઞાનામૃત
D-202, સાગર રેસીડન્સી, PDPU રોડ,
જાન્વી ફાર્મ સામે, રાયસણ,
ગાંધીનગર - 382007 M. 99798 99104

મુદ્રક અને પ્રકાશક
ભારતી રણછોડદાસ સોમૈયા

-:- વિશેષ નોંધ -:-

સેવાકેન્દ્ર દ્વારા થયેલ સેવાઓના ઓરીજનલ હાઈ રેઝોલ્યુશન વાળા ચોખ્ખા, વ્યવસ્થિત, યોગ્ય ફોટા સાથે મહેમાનોનું આખું નામ, બરોબર હોદ્દો, કાર્યક્રમની સંપૂર્ણ વિગતો સાથે ગુજરાતી જ્ઞાનામૃતના ઈ-મેલ ઉપર જ મોકલવાના રહેશે. જે અગ્રતા ક્રમે ફોટા મળે, તમામ પ્રકારે ફોટાની ગુણવત્તાના આધારે નાના-મોટા બધા સેવાકેન્દ્રોને યથાયોગ્ય સ્થાન આપવાનો પૂરો પ્રયત્ન રહે છે. જે મોબાઈલથી ફોટા પાડ્યા હોય તે મોબાઇલની ગેલેરીમાંથી જ ઓરીજનલ ફોટા હાઈ ક્વોલિટીમાં ઈ-મેલમાં એટેચ કરવા. તમે whatsappમાં મોકલેલા કે કોઈએ ફોટા પાડીને તમને whatsappમાં મોકલાવેલ અથવા કોઈના ફોરવર્ડ કરેલા ફોટા ક્યારે મોકલવા નહીં. whatsappથી મોકલાવેલા ફોટાની પ્રિન્ટિંગ ક્વોલીટી બરોબર હોતી નથી. જે પ્રકાશનમાં કદાપિ લેવાશે નહીં

જ્ઞાનામૃતના બેંક ખાતાની વિગતો

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય
Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**
Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**

પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય

બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.
Phone: 079 - 2532 4460

Email : gyanamrit.guj@gmail.com

તંત્રી સ્થાનેથી

ઈશ્વરીય પ્રેરણા ઝીલવાની પાત્રતા

સાધનાનો પથ અનેક રહસ્યોથી ભરેલો છે. સાધક જ્યારે સાધનાની ગહનતામાં આગળ વધે છે ત્યારે તે અવનવા અનુભવોની અનુભૂતિ કરે છે. આ અનુભૂતિ જ તેના જીવનને દિવ્ય, મહાન બનવાનું બળ પૂરું પાડે છે. અનુભૂતિની એરણ પર યથાર્થતાને ચકાસ્યા પછી નિશ્ચય બળમાં વૃધ્ધિ થાય છે. જે તે સાધનાપથમાં સાધકને સાધના પ્રત્યે, સાધન પ્રત્યે અને સાધ્ય પ્રત્યે પૂર્ણ નિશ્ચય, અડગ, શ્રધ્ધા અને આત્મવિશ્વાસ હોવા જરૂરી છે. આમ થાય તો જ ઈચ્છિત પરિણામ મેળવી શકાય.

અનુભૂતિ એ પ્રગતિનું પ્રેરક બળ છે. માનવ જે કંઈ પ્રવૃત્તિ કરે તેમાં જો દિવ્ય આનંદ મળતો હોય તો જ તે પ્રવૃત્તિ સફળતાને વરે. નહીંતર ક્યારેક તે બોજ બની જાય છે અને એક વખત જે રાહ સ્વીકાર્યો તેમાં અનુભૂતિ થાય કે ન થાય, જીવન દિવ્ય બને કે ન બને પણ માત્ર લોકલાજને જ ધ્યાનમાં રાખીને જે તે સાધના કરવી અને સાધનાથી પ્રાપ્તિ, સંતોષ કે આનંદની અનુભૂતિ ન થાય તો તે ઢસરડો બની જાય છે. લાંબે ગાળે તે આત્માને થકવી નાંખે છે. એટલું જ નહીં પ્રતિકૂળ પરિસ્થિતિમાં દબાયેલા વિકારોના સંસ્કારો જાગૃત થાય છે અને ક્યારેક તેનાથી અનુચિત કાર્ય થઈ જાય છે.

જીવન પણ એક સાધના છે. તેમાં કોઈ પણ લક્ષ્ય કે ધ્યેય લાદેલું ન હોય. કોઈને પ્રસન્ન કરવા જ કરતા હોઈએ એવું ન બનવું જોઈએ. જો તે અંતરમાંથી ઉઠે તો જ મજા આવે. તેથી સાધનાની ખૂબી અંતઃસ્ફુરણામાં રહેલી છે. જે પણ કામ દિલથી થાય, અંતરથી થાય, પ્રસન્નતાથી થાય તેમાં જ સુખદ પરિણામો સંભવી શકે છે. આ માપદંડને ધ્યાનમાં રાખીને આપણે એ નિષ્કર્ષ ઉપર આવીશું કે સાધનાપથમાં કેટલાં વર્ષો વીતાવ્યાં તે મહત્ત્વનું નથી પણ કઈ રીતે વીતાવ્યાં તે મહત્ત્વનું છે. મનને મારીને નહીં પણ પ્રેમથી જીતીને સાધના કરવાથી સાધકમાં બેવડું બળ પ્રાપ્ત થાય છે. આ બળ જ તેનામાં આત્મવિશ્વાસ પ્રગટાવી એને ભિન્ન ભિન્ન દિવ્ય અનુભૂતિનો આસ્વાદ કરાવે છે.

સાંસારિક સંબંધોમાં પ્રથમ પરિચય થાય છે પછી સંબંધ સ્થાપિત થાય છે અને ત્યાર પછી તન્મયતા જન્મે છે. તે રીતે પરમાત્મા પ્રત્યેનો નિષ્કામ સંબંધ વિકસે અને તન્મયતામાં પરિણમે તો આત્મામાં નિરંતર પરમાત્મ ચિંતન ચાલે છે. પરમાત્માની આસપાસની સૃષ્ટિના વિચારો, સંકલ્પો ઉઠે છે. તેથી આત્મામાં એક ભાવજન્ય સ્થિતિ જન્મે છે તે ઈશ્વરીય પ્રેરણાની અનુભૂતિ ઝીલવા માટે અસરકારક નીવડે છે.

જ્યાં સુધી દેહ અને દેહની દુનિયા પ્રત્યેની આસક્તિ ઘટતી નથી, વિકારોનું આકર્ષણ ઘટીને દિવ્યતા આવતી નથી ત્યાં સુધી સાધકનું મન દુન્યવી વાતોમાં જતું રહે છે. જો તેને સ્થાયી રાખવું હોય, સ્થિતપ્રજ્ઞતાની અવસ્થા પ્રાપ્ત કરવી હોય તો વિકારો ઉપર વિજય મેળવવાનો સઘન પુરુષાર્થ કરવો જરૂરી છે. સાધકના જીવનમાં સંપૂર્ણ પવિત્રતાની ધારણા હોવી અતિ આવશ્યક છે. ઈન્દ્રિયો પરનું આધિપત્ય જ આત્માને પરમાત્મા અનુભૂતિ માટે યોગ્ય બનાવે છે. આજે સાંસારિક સંબંધો જાળવીને, વિકારી જીવન જીવીને પણ ધર્માચાર્યો બનતા હોય છે. હવે પ્રશ્ન એ થાય છે કે રામ અને કામ બન્ને સાથે કઈ રીતે રહી શકતાં

હશે? જ્યાં સુધી જિહ્વા રસ છૂટ્યો ન હોય, ભૌતિક પદાર્થો પ્રત્યેનું આકર્ષણ ઘટ્યું ન હોય તો ક્યારેક આધ્યાત્મિક વ્યક્તિ દ્વારા અનર્થ આચરણ થતું હોય છે. તેથી વાસ્તવિક અર્થમાં ઈશ્વરીય સંતાન બનીને તે માટેની પાત્રતા કેળવીએ એ તો જ દૈહિક સુખોની વિસ્મૃતિ થાય છે અને સાધક અતીન્દ્રિય સુખની અનુભૂતિ કરે છે.

સાધકની પ્રવૃત્તિનો પ્રભાવ એની વૃત્તિ ઉપર પડે છે. ખાસ કરીને ઘર ગૃહસ્થમાં રહીને કમળપુષ્પ સમાન જીવન જીવતાં અને લૌકિક નોકરી કે વ્યવસાય કરતાં સાધકને વિશેષ સજ્જતા રાખવી પડે છે. આજનું સમાજ જીવન કેટલું કલુષિત બની ગયું છે તેની પ્રતીતિ તો આપણે કરી જ રહ્યા છીએ. ઠેર ઠેર વાદ વિવાદ, કુટુંબ ક્લેશ, સંઘર્ષ, જૂથવાદ, તકવાદ, રાજકારણ આદિ અનેક સામાજિક દૂષણ રગરગમાં પ્રસરી રહ્યાં છે. આજે કોઈ પણ ક્ષેત્ર આ બદીઓથી મુક્ત રહ્યું નથી. પોતાની હદની વૃત્તિઓ અને પ્રપંચી જાળમાં જોડવાનો મિથ્યા પ્રયાસ થાય છે. આજ કારણે સાધકને સંસારની વિષમતા સામે રહેમની ભાવના જન્મે છે. બેધારી જિંદગી જીવતા, કથની અને કરણીની વિભિન્નતા ધરાવતા લોકો સાથે જીવવું એ પણ દિવ્ય જીવન જીવતા સાધક માટે પડકાર રૂપ છે. તેથી આવા સમયે સાધકમાં સાક્ષીભાવ અને વ્યર્થની વિસ્મૃતિ માટે અસરકારક શક્તિ હોવી જરૂરી છે. સારગ્રહણ કરીને વ્યર્થ વાતોમાંથી બુદ્ધિને હટાવીને પરમાત્મા પ્રત્યે વાળવાની કળા જો સહજ સાધ્ય બને, વિકારી દુનિયા વચ્ચે રહેવા છતાં પણ જો જલકમલવત્ત રહેવાની યોગ્યતા પ્રાપ્ત થાય તો ઈશ્વરીય પ્રેરણા ઝીલવાને માટે યોગ્ય બની શકાય.

સાધકનું જીવન બાળક જેવું નિર્દોષ, નિખાલસ, નિરાડંબરી, નિઃસ્વાર્થી, નિષ્કામી અને નિમિત્તભાવવાળું હોવું જોઈએ. હૃદયમાંથી કુટિલતા, ઘૃણા, ઈર્ષ્યા, વેરઝેર, ભોગવિલાસની વૃત્તિ આદિ સમાપ્ત ન થયાં હોય ત્યાં સુધી સાધકનો આત્મા દિવ્ય પાત્ર બની શકતો નથી. જેમ સિંહણનું દૂધ કનકપાત્રમાં જ ટકે તે રીતે સાધકનો આત્મા કનકપાત્ર બને તો જ, ઈશ્વરીય પ્રેરણાના સંકેતો ઝીલી શકાય છે. ખાસ કરીને અમૃતવેળા 3 થી 5 અને સંધ્યાકાળે કરાતા વિશેષ યોગાભ્યાસ, પ્રાર્થનામાં આવી અનુભૂતિઓ થતી હોય છે.

સાધનામય જીવનમાં અન્ય આત્માઓની સેવા કરવાની ઉત્કટ ભાવના હોવી જોઈએ. આજે લોકો અનેક સમસ્યાઓને કારણે દુઃખી, અશાંત છે. એમના હૃદયમાં અનેક જખમો પડેલા છે. તેને દૂર કરવા માટે અમૃતવાણીના મલમની જરૂર છે. નયનોમાં વિશુદ્ધ પ્રેમનાં નીરની જરૂર છે. શુભ કામના, શુભ ભાવના પ્રેરિત યથાર્થ જીવનરાહના નિદર્શનની જરૂર છે. આજે લોકો પ્રવચનો, ભાષણો, સપ્તાહોથી કંટાળ્યા છે. ત્યારે આપણું દિવ્યગુણ સંપન્ન જીવન જ તેમના માટે પ્રેરણાસ્ત્રોત બને, ચૈતન્યમંદિર બને એવું જીવન જીવવું જોઈએ. પરમાત્મા અને તેની સ્વર્ગીય સૃષ્ટિના નિર્માણકાર્યમાં જે વ્યસ્ત છે, તેને સેવા માટેની, સાધના માટેની પ્રેરણાઓ ભિન્ન ભિન્ન સ્વરૂપે પરમાત્મા પાસેથી મળે છે.

ઈશ્વરીય પ્રેરણા ઝીલવા માટે પરોઢિયે ત્રણથી પાંચ (અમૃતવેળા)નો સમય ઉત્તમ ગણાય. આ સમયે આત્મા સજની બનીને પરમાત્મા પ્રીતમના મિલન માટે આતુર બને, ઉત્કટ ભાવે, પ્રસન્નતાથી આ સોનેરીપળોને સાચવી લે તો તેના ઉપર પરમાત્માની પ્રીતિ ઊતરે છે. પણ જેમ ટેલીફોન, મોબાઈલની ઘંટડી વાગવા છતાં આળસ કે પ્રમાદને કારણે સત્ત્વરે રીસીવર ન ઉપાડીએ,

નીચે મૂકી રાખીએ તો ટેલીફોન કરનાર સાથે સંપર્ક સધાતો નથી. તે રીતે આત્મા પ્રમાદી બનીને આ સોનેરીપળોનો લાભ ન ઉઠાવી શકે તો, તે અનેક પ્રાપ્તિઓથી વંચિત રહી જાય છે.

આસપાસના વાયુમંડળની સાધકના જીવન ઉપર મોટી અસર પડે છે. સ્થળનો પ્રભાવ સ્થિતિ ઉપર પડે છે. સ્મશાનમાં હોટલ, થિયેટરમાં, પ્રવાસનાં સ્થળોએ, મંદિરમાં કે તપોભૂમિમાં અને શરાબઘર કે કતલખાનાના વાયુમંડળમાં ભિન્નતા રહેતી હોય છે. સાધકનું ઘર ગૃહસ્થ આશ્રમ બને, તો ઘરનું આસપાસનું વાતાવરણ તેની સાધના માટે પ્રેરક બને છે. એક સંસ્કૃત સુભાષિતમાં કહેવામાં આવ્યું છે,

કુગ્રામ વાસ, કુજનસ્ય સેવા
કુભોજનં ક્રોધમુખીચ ભાર્યા
મૂર્ખ જ પુત્રો, વિધવા ચ કન્યા
દહન્તિનૂનં મનુજ વિનાગ્નિમ્

અર્થાત્ જો ખરાબ સ્થળે (કજિયા, કંકાસ-યુક્ત, સંસ્કાર વગરના સ્થળે) વસવાટ હોય, ખરાબ માનવની સેવા કરવાની હોય, જ્યાં નોકરી ધંધો કરતા હોઈએ ત્યાંની અધિકારી વ્યક્તિ કુટિલ હોય, કુભોજન (તામસી આહાર) હોય, પત્નીનો સ્વભાવ, ક્રોધી હોય, પુત્રો મૂર્ખા હોય અને ઘેર વિધવા કન્યા હોય તો માનવ, વગર અગ્નિએ બળે છે.

કેટલીક ઘટનાઓ કર્મોના હિસાબકિતાબ રૂપે તો કેટલીક ઘટનાઓ આપણાં આળસ, બેદરકારી, અસાવધાનીને કારણે બનતી હોય છે. આપણને કોને ત્યાં જન્મ મળે છે તે આપણા હાથની વાત નથી. પણ જન્મ મળ્યા પછી જીવનને ઉન્નત કક્ષાએ લઈ જવાનો પુરુષાર્થ કરવો તે તો આપણા હાથની વાત છે. પુરુષાર્થમાં પોલાદી શક્તિ રહેલી છે. તેના અનેક દૃષ્ટાંતો અનેક લોકોના વાસ્તવિક જીવનમાંથી મળે છે. તો આપણે યોગ્યતા મેળવવા માટે યોગ્ય બનવું પડે છે. તો આપણે પણ એવો ભગીરથ પુરુષાર્થ કરીને પરમાત્માની પ્રેરણા ઝીલવાને પાત્ર બનીએ.

॥ ૐ શાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

ડ્રામા કલ્યાણકારી છે

બ્ર. કુ. જૂનાગઢ

વહેતા વહેમનાં મોજામાં
અંદરની ગહરાઈમાં ઉતરીને જો,
અંતર આત્મામાં શાંતિ છે,
છબ છબીયા જ્ઞાન-વાણીમાં,
ને અભિમાન તો જો,
જ્ઞાન ધારણાથી સ્વરૂપ છે,
વાગે છે વાણીના નાદ દૃઢ જન્મથી, એ તો જો,
મૌનમાં મોટાઈ છે,
સૌ કોઈ કવિ બની બેઠા છે,
આજે દુનિયામાં એ તો જો,
મારા-તારાથી જ દુ:ખ છે,
અહંને પોષવા દીધેલ,
શિવની સોગાતને તો જો,
આમ તેમ ઉડાવે છે,
સાક્ષીભાવનાં સથવારે, નજર કરીને તો જો,
ડ્રામા કલ્યાણકારી છે,
કમ્પ્લેનની કોતરણી વાળી
તારી ચોપડી તો જો,
ભવ્ય અનુભવનાં ઓજાર છે.
હીરા જેવું જીવન વેલ્યુએબલ,
કેટલું કિંમતી ! એ તો જો,
વ્યાપાર નફાનો જ છે.

॥ ઓમશાંતિ ॥

સંસ્કારો પર 'શેર' બનીને રહો

રાજયોગિની દાદી પ્રકાશમણિજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુ રોડ

સદૈવ પોતાની તકદીરનો સિતારો ચમકતો રહે તો આ બોલ કદી ના બોલો - હાય મારી તકદીર. જે નસીબમાં હશે આ છે ભક્તોના બોલ. હું મારી તકદીર શા માટે પીટું? મારી તકદીરનો સિતારો સદા ચમકતો રહે. આપણી યાદગાર આસમાનમાં ચમકી રહી છે. પછી હું શા માટે કહું હાય મારી તકદીર. હું એવું શા માટે કહું જેવો મારો પાર્ટ હશે.

આપણે માળામાં પરોવનારા મોતી જો આ શબ્દ બોલે તો જ્ઞાની અને અજ્ઞાનીમાં શું અંતર રહ્યું. પોતાની તકદીર (ભાગ્ય)ને કદી ના ભૂલો. જો કોઈ ભૂલ થાય તો તેને રીયલાઈઝ કરીને હાઈજમ્પ આપો. આપણી સ્થિતિ છે હાઈજમ્પની. આપણે કરવો છે હાઈ જમ્પ અને કહેતા રહીએ હાય હાય તો હાઈજમ્પ ક્યારે લગાવશો?

હું જોઉં છું હું ક્યાં અને અજ્ઞાન ક્યાં. જ્યારે આપણે આપણી સ્થિતિમાં રહીએ છીએ તો અજ્ઞાની આપણાથી દૂર છે. એમના ઉપર રહેમ આવે છે. પરંતુ પોતાના સંસ્કારો ઉપર રહેમ કરશો નહીં. સંસ્કારોને દૂર કરવા માટે ધર્મરાજ બનો. (કુ) સંસ્કારો ઉપર શેર બનીને રહો. સંસ્કારોને દૂર કરવા માટે બાબાને પોકારવાના નથી. બાબાએ મને સર્વ કાંઈ આપ્યું છે. બાબા મારી સાથે છે જ્યારે બાબાને સામે નથી જોતા. બાબાની અવગણના કરશો તો હાય હાય કરવી પડશે. બાબાને પોતાની બુદ્ધિમાં, પોતાના નયનો પર બેસાડીને રાખો.

કેટલીયે વાર બાબા કહે છે મારા રાઈટ હેન્ડ ધર્મરાજ છે. તો હું વિચારું છું કે આપણા સૌના રાઈટ હેન્ડ ધર્મરાજ છે. એ રાઈટ હેન્ડને સદા સાથે રાખો તો સર્વ સંસ્કાર શાંત થઈ જશે. પ્યારા બાબાના ગુણ ગાઓ અને એની મસ્તીમાં રહો. બાબાની સાથે રહો. બુદ્ધિમાં યાદ રહે. આપણે બાપ સમાન બનવાનું છે. નીચેથી ઉપર આવવામાં શ્વાસ ચઢે છે. સદા ઉપર રહો તો સીડી મર્જ થઈ જશે. કદી પણ બાબાને પોકારો નહીં. પોકારવા તે આપણી આધીનતા છે. બાબાને સાથી રાખો તો સદા આરામ છે.

કોઈ નાની વાતમાં પણ તંગ થઈ જાય છે. પછી કહીએ છીએ બાબા હું તંગ થઈ ગયો. એમાં બાબા શું કરે. આવી ભાષા જ કેમ નીકળે છે. જ્યારે આપણે જાણીએ છીએ કે ડ્રામામાં સૌ નોંધાયેલું છે પછી આ બોલ નીકળવા તે રોંગ છે. વિશ્વના માલિક પોતાના માલિકપણાના નશામાં રહો. નીચે આવશો નહીં. આપણી પ્રોપર્ટી આપણી પર્સનલ તિજોરીમાં રાખીએ છીએ. તે કોઈની વાતોમાં આવીને ગુમાવી દેતા નથી. એ રીતે આપણી સ્થિતિ એ પ્રોપર્ટી છે. હું કોઈના બોલ પર મારી સ્થિતિ શા માટે વેચું? જે પોતાની સ્થિતિને ગુમાવી દે છે તે દિલબેચૂ બની જાય છે. દિલ વેચાઈ ગઈ અર્થાત્ સ્થિતિ વેચાઈ ગઈ. સર્વિસ આપણું ખુશીનું સાધન છે. પોતાને નીચા સમજશો નહીં. ના અભિમાનમાં આવો. નિર્માણતા મારો ગુણ છે. સદા મસ્તીમાં રહેવું.

॥ ઓમશાંતિ ॥

આપણા પ્રશ્ન અને દાદીજીના ઉત્તર

રાજયોગિની દાદી જાનકીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુ રોડ



પ્રશ્ન - બાબા કહે છે કે બાળકોએ રોયલ બેગર બનીને કંઈપણ માગવાનું નથી. પછી બાબા સાથે રુહરિહાનમાં કહીએ છીએ. બાબા મારી અંદર તો ક્રોધ છે. એને મીઠાપણામાં બદલી લો. અમારા અહંકારને નમ્રતામાં બદલી દો, તો શું આ માંગવું નહીં થયું.

ઉત્તર - બાબા કહે છે બાળકો માંગો નહીં. આ બિલકુલ સારી વાત છે. સાચી વાત છે. પરંતુ જ્યાં સુધી આવી સ્થિતિ બની નથી તો બીજા કોઈની પાસેથી શક્તિ માંગવાને બદલે બાબા પાસે માગો. બાબાની આગળ બેસો. બાબા આપ ઈંગોલેસ છો. હું પણ બની જાઉં? બાબા કહે છે બની જશો, તથાસ્તુ. આ માંગવું નથી. કમજોર થઈને ખૂણામાં બેસી રહેવું. અભિમાનવશ કોઈની સામે પણ ન જવું. લંગડાતા ચાલવું. એના બદલે બાબાની પાસે જશો તો ચાલવા લાગશો. તો અહીં તહીં જવાને બદલે બાબાની સામે બેસી જાઓ.

કેટલીક વાર એવો અનુભવ થાય છે કે જ્યારે કોઈ ઉદાસ હોય છે અંદર ફાલતૂ વિચારે છે. તો અમે કહીએ છીએ પ્લીઝ બાબાની સામે બેસી જાઓ. અંદરથી એ પણ અનુભવાય કે હું બાબાને સારી રીતે સમજું. બાબા જે છે, જેવા છે એવા જાણવામાં નંબર વન આવું. ત્યારે તો ઉત્સાહ વધશે. નહીં તો ક્યારેક જોશ ક્યારેક હોશ તો બાબાને સામે રાખવાથી પુરુષાર્થ તીવ્ર થઈ જશે. ભિખારી બનીને ના માગો. બાબાની સામે આવો તો બાબા ભરપૂર કરી દેશે. આ પણ પાસ વીથ ઓનર બનવાની સારી યુક્તિ છે.

પ્રશ્ન - ડબલ વિદેશીઓને મધુવન નિવાસી બનવા માટે ક્યું ક્યું ક્વોલીફીકેશન જોઈએ?

ઉત્તર - ડબલ વિદેશી પોતાને ડબલ વિદેશી કેમ સમજે છે? જ્યારે એ નથી સમજતા કે હું ડબલ વિદેશી છું, તો સમર્પિત થઈ જશે. જ્યારે એ સમજણમાં આવશે કે હું બાળક છું, બ્રાહ્મણ છું. કોઈ પોતાનો સ્વભાવ નહીં, સંસ્કાર નહીં. જિદ્દનો સ્વભાવ નહીં. કદી ઊપર નીચેનો ખેલ કરતા નથી. તો ગમે ત્યાં રહેતાં મધુવન નિવાસી બનીને રહી શકીએ છીએ. મધુવન નિવાસી અર્થાત્ બેહદના વૈરાગી અને મીઠા બનવાનું છે. અંદરથી બેહદનો વૈરાગ્ય હોય, તપસ્યાનો શોખ હોય, સાચા હોય, સખત મહેનત કરનારા સેવાધારી હોય, કોઈ વાતના ચિંતન, વર્ણનથી અહીં તહીંના પ્રભાવથી મુક્ત, આ છે મધુવન નિવાસી બનવું.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 10નું અનુસંધાન)... જે રસ્તે જવાનું

પ્રભુમિલનનું સુખ આપણે પ્રાપ્ત કરી શકીએ છીએ. અતીન્દ્રિય સુખોમાં રમણ કરી શકીએ છીએ. જો આપ આવું કરશો તો આપ ઘણા આગળ નીકળી શકશો.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 09નું અનુસંધાન)... વ્યર્થ જતા સમય

હતા. આપ જ સૃષ્ટિના આધારમૂર્ત છો. બાબા ફરીથી આપણામાં આત્મવિશ્વાસ જાગૃત કરે છે અને તેનો વિકાસ કરે છે.

॥ ઓમશાંતિ ॥

વ્યર્થ જતા સમયને બચાવવાના ઉપાય

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી

સંગમયુગનો આ અણમોલ સમય છે. સમગ્ર કલ્પમાં આ એ સમય છે. જ્યારે આપણે ભગવાન પાસેથી પૂરો વારસો મેળવવાનો પુરુષાર્થ કરીએ છીએ. જેથી ઊંચામાં ઊંચુ ભાગ્ય બનાવી શકીએ છીએ. સંગમયુગની એક એક પળ મૂલ્યવાન છે. જો આપણે તેનો સારી રીતે ઉપયોગ કરીએ નહીં, તો કેટલું મોટું નુકસાન છે. વ્યક્તિ જ્યારે કોઈ કામ કરે છે તો મોટે ભાગે એનો લાભ અને હાનિ શું છે, જેને આપણે નિર્ણય કહીએ છીએ. નિર્ણયમાં માઈનસ અને પ્લસ પોઈન્ટ ઉપર વિચાર કરવામાં આવે છે. સંગમની એક સેકંડ, મિનિટ વ્યર્થ ગુમાવવાથી કેટલું નુકસાન થાય છે. પછી એ રીપીટ પણ થાય છે. રિકરિંગ લોસ છે. વારંવાર થનારું નુકસાન. આ નુકસાન એવું છે જે ફરીથી થશે. એક વખત ગુમાવી બેઠા પણ આગળ જઈને ઠીક કરી દઈશું, એવું નહીં. ગુમાવ્યું તે ગુમાવ્યું હર કલ્પ, કલ્પાંતર ગુમાવવું પડશે. ભગવાનનો સંગ મળ્યો, તેઓ ટીચરના રૂપમાં મળ્યા. તે પારલૌકિક બાપ અમને પારલૌકિક વારસો આપવા માટે આવ્યા છે. એટલા પ્રેમથી ભગવાન માર્ગદર્શન આપે છે. તો એ સમયને ગુમાવી દઈએ તો શું કહીશું? કઈ કઈ વાતોમાં આપણો સમય વ્યર્થ જાય છે એની ચર્ચા કરીશું.

પ્રભાવ અને ઉદાસીનતાથી મુક્ત રહેવું

એમાં છે ઈમ્પ્રેશન અર્થાત્ પ્રભાવ, ડિપ્રેશન. ઉદાસીનતા એક વિશ્વવ્યાપી બીમારી છે. ઘણા લોકો એવા છે જે દિવસમાં કેટલીયે વાર ડિપ્રેસ્સડ થઈ જાય છે. અત્યારે જુઓ તો ઠીક છે, પણ થોડા સમય પછી જોઈએ તો ડિપ્રેસ્સડ છે. વારંવાર એવું થાય છે. એનાં કેટલાંયે કારણ છે. જ્યારે વ્યક્તિ એવું વિચારી લે છે કે હું કોઈ કામનો નથી. હું બિલકુલ બેકાર છું. તે જુએ છે કે બીજી વ્યક્તિ આગળ નીકળી જાય છે તેની વાહ વાહ થઈ રહી છે. એને કંઈક લાભ મળી રહ્યો છે. હું શું કરી રહ્યો છું. હું કોઈ કામનો આદમી નથી. સ્વયં જ સ્વયં માટે કહે છે કે મારા જેવો નિરુપયોગી બીજો કોઈ નથી. ઉર્દૂમાં કહેવાય છે નાચીજ. હું તો કંઈ નથી. દાસોનો પણ દાસ છું. પગની ધૂળ છું. કેટલાક લોકો એવું સમજે છે કે આવું કહેવું યા લખવું તે નમ્રતા છે. કેટલાક લોકો સ્વયં એવો પણ અનુભવ કરે છે. એવી નિષ્કૃષ્ટ ભાવનામાં ચાલ્યા જાય છે. ભક્તિમાર્ગમાં માયાથી જે આપણી હાર થાય છે. તેનું કારણ એવું સમજી બેઠા છીએ કે અમે તો નકામા છીએ. કોઈ કામના નથી. હે પ્રભુ, આપ જ અમારા ઉપર કૃપા કરો. અમને છોડાવો. અમે તો નીચ, પાપી છીએ. એવી સ્વયં સ્વયંને ગાળો આપે છે. આ હીનભાવનાની મહસૂસતા છે. આત્મ વિશ્વાસનો અભાવ છે. હવે સંગમયુગમાં તે ઉલ્ટું થઈ ગયું.

ભગવાન આવીને કહે છે, મીઠાં બાળકો, તમે તો ઈષ્ટ છો. જુઓ, તમને અવાજ સંભળાતો નથી. તમારા ભક્તો તમને યાદ કરી રહ્યા છે. આપ એ જ છો જેમણે શાંતિ આપી હતી. બાબા જણાવે છે કે ભૂતકાળ પુનરાર્તિત થાય છે. એટલે કહેવાય છે ભૂત, ભવિષ્ય બને છે. ચક્રનું બધું રહસ્ય સમજાવીને બાબા કહે છે પહેલાં તમે કોણ

(અનુસંધાન પેજ નં. 08 પર)

જે રસ્તે જવાનું જ નથી એ રસ્તો પૂછવાનો શો લાભ ?

બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ

જૂના આત્માઓ છે જે ઢીલા થઈ ગયા છે. એમણે પણ યોગનો અભ્યાસ કરી લેવો જોઈએ. અને જૂના આત્માઓ પણ જ્ઞાનમાં તેજ ચાલવા ઈચ્છે છે. સમયની નાજુકતાને જે સમજે છે એમણે પણ ચાર વખત 10-10 મિનિટ અવશ્ય બેસવું જોઈએ. કેટલાંક ભાઈ-બહેનો આ કરી રહ્યાં છે. આપણી સમર્પિત બ્રહ્માકુમારી બહેનો પણ આ પુરુષાર્થ કરે છે. જ્યારે પણ ટાઈમ મળે છે. ક્યાંય પણ બાબાના બહુ મેડીટેશન રૂમ બનેલા છે. ગમે તે રૂમમાં બેસીને પણ સારો યોગ કરી શકો છો. યોગ કરતી વખતે આપણે દસ મિનિટનું લક્ષ્ય નક્કી કરવું જોઈએ. જેમ કે દસ મિનિટોમાં પાંચ સ્વરૂપોનો અભ્યાસ કરીએ એના સ્વરૂપમાં સ્થિત થઈએ. આત્માનું ચિંતન કરીશું. આ વખતે દસ મિનિટમાં આપણે પરમધામમાં જઈને બાબાની પાસે બેસીશું. પછી સૂક્ષ્મવતનમાં બાપદાદાની સામે જઈને દૃષ્ટિ લઈશું, વાતો કરીશું. આ રીતે લક્ષ્ય લઈને યોગ કરવાથી આપણે એ ડ્રિલમાં વ્યસ્ત બની જઈશું. જેથી બુદ્ધિ ભટકશે નહીં.

સૌ માટે આ ઘણું જરૂરી છે. આગળ જવાનું છે. આપ હમણાં જ જ્ઞાનમાં આવ્યા છો. પ્રભુમિલન માટે પવિત્રતા એ પહેલી શરત છે. જે પવિત્ર નથી તે ભગવાનને પ્રિય પણ નથી. તેઓ યોગી પણ બની શકતા નથી. કારણ કે એની પાછળ એ રહસ્ય છે કે યોગમાં બુદ્ધિને સ્થિર કરવા માટે પરમાત્મ સ્વરૂપ પર બુદ્ધિનું બહુ ડિવાઈન અને શક્તિશાળી બનવું જરૂરી છે. જો કોઈ વિષય વિકારોમાં છે તો તેની શક્તિઓ નષ્ટ થઈ જાય છે. એની બુદ્ધિ મજબૂત બની શકતી નથી. બ્રહ્મચર્યનો જે આધાર બનાવ્યો છે એનું કારણ એ છે કે તેના ભંગથી બુદ્ધિ મજબૂત બનતી નથી. શક્તિ બ્રેઈનને ડિવિનાઈજ કહે, દિવ્ય કરે, શક્તિશાળી કરે જેથી તે સ્થિર રહી શકે. કમજોર બુદ્ધિ સ્થિર રહી શકતી નથી. તો પહેલી ધારણા પવિત્રતા. પ્રતિજ્ઞા કરીએ કે ભગવાનના આ પથ પરથી અમે વિચલિત થઈશું નહીં. માયા તો ચારે બાજુ છે. ગંદી ચીજો ઘણી જોવા મળે છે. ઈલેક્ટ્રોનિક્સનાં સાધનો પણ ફાયદાની સાથે પતનનું બહુ કારણ બની ગયાં છે. પરંતુ હિન્દીમાં કહેવત છે કે ‘ જિસ પેડ કે આમ નહીં ખાને ઉસકે પત્તે ગિનનેસે ક્યા લાભ’. તો જે માર્ગે આપણે ચાલવાનું નથી એવી ચીજો આપણે શા માટે જોવી જોઈએ. વોટ્સઅપ, ફેસબુક, યૂ ટ્યુબ પર આપણે શા માટે જોઈએ?

લક્ષ્ય બનાવી લોકે પોતાને ટીચ કરીએ. આ આપણો માર્ગ નથી. આપણે અહીં તહીં જોવાનું પણ નથી અને તે અંગે વિચારવાનું પણ નથી જે માર્ગ પર આપણે જવાનું નથી. ભગવાનને વચન આપો અમે સંપૂર્ણ પવિત્ર બનીને તમારા મહાન કાર્યને સફળ કરીશું. ભગવાનને એકવાર વચન આપ્યું તે કદી પાછું લઈશું નહીં.

ગમે તે કરવું પડે. સાથીઓને સમજાવી દો કે ભગવાનને વચન આપ્યું છે અમે સર્વ કાંઈ છોડવા તૈયાર છીએ પણ પવિત્રતાનો પથ છોડીશું નહીં. આ ઈશ્વરીય પથ છે. આ પ્રભુમિલનનો માર્ગ છે. ભગવાનને શોધવાનો માર્ગ નહીં, એમાં નિરંતર

(અનુસંધાન પેજ નં. 08 પર)

ખુશ રહેવું એ મોટામાં મોટી દવા છે

રાજયોગિની દાદી હૃદયમોહિનીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુ રોડ

શિવબાબાએ આપણને કહ્યું છે ઓમશાંતિના આ મંત્રને યંત્ર બનાવી દો, કારણ કે ઓમશાંતિનો અર્થ છે હું શાંત સ્વરૂપ આત્મા છું. તો ઓમશાંતિ કહેવાથી જ આપણને પોતાના સ્વરૂપની સ્મૃતિ આવે છે કે હું શાંત સ્વરૂપ આત્મા છું. મારો સ્વધર્મ જ શાંતિ છે. આ સમય જ સમસ્યાઓનો છે એટલે સમસ્યાઓ તો આવશે જ પરંતુ આપ ઓમશાંતિના સ્વરૂપમાં સ્થિત થઈ જાઓ કે હું એક શાંત સ્વરૂપ આત્મા છું. શાંતિના સાગર પરમાત્માનું સંતાન છું. તો આપની સ્મૃતિ સમાધાનમાં બદલાઈ જશે. કારણ નિવારણમાં બદલાઈ જશે. કારણ કે સ્વરૂપની સ્મૃતિ આવી ગઈ. દિલની બીમારી વાળાઓ માટે ખુશીની દવા પહેલો ખોરાક છે. તો સમસ્યા સમાધાનમાં પરિવર્તિત થતાં ખુશી તો થશે. તો ઓમશાંતિને મંત્ર બનાવી દો.

કલિયુગનો અંત હોવાને કારણે વાતો તો આવશે અને ચાલી પણ જશે. વાત આવીને ચાલી જતાં આપણે એના વિશે વિચારીએ છીએ, વર્ણન કરીએ છીએ તો ખુશી ચાલી જાય છે. કોઈ આપણા ઘેર આવીને એક નાનો રૂમાલ પણ લઈને જાય તો આપ એને છોડશો? તો આપણી ખુશી, આપણું શુભ ચિંતન શાંતિનું, એમાં વ્યર્થ ચિંતન ચાલ્યું જશે. એટલે આપ પોતાની ખુશી ગુમાવો નહીં. ખુશ રહેવું તે મોટામાં મોટી દવા છે. એના માટે જે વીતી ગયું તે વીતી ગયું, એના ચિંતનમાં જશો નહીં. જે બની ગયું તે બની ગયું હવે સમાપ્ત. વીતેલી વાતોનું ચિંતન ના કરો. પાણીને વલોવવાથી શું મળશે? એટલે વીતેલી વાતો ભૂલીને ભવિષ્યનું વિચારો. હું આત્મા છું, પરમાત્માનું સંતાન છું તો ખુશી મળશે. તો આપની બીમારી ઠીક થઈ જશે. તો જ્યારે પણ આપને કોઈ દર્દ થાય તો એ સમયે હું આત્મા છું. આ ગોળી લઈ લો કારણ કે આત્મા પરમાત્માનું સંતાન હોવાના કારણે શાંતિના સાગર, સુખના સાગર યાદ આવવાથી સ્વયં પણ એ સ્વરૂપમાં સ્થિત થઈ જશો. તો અહીં આ ખુશીનો ખોરાક ખાઓ. એને ખાવાની વિધિ છે હું આત્મા, પરમાત્માનું સંતાન છું. મારે બાપ જેવા બનવાનું છે. તો ખુશીને કદી છોડશો નહીં. ખુશીનો ખોરાક છોડવાથી શું થશે? વ્યર્થ વાતો આવે છે, પરિસ્થિતિ આવે છે એમાં જ ડૂબેલા રહીએ છીએ. શિવબાબા કહે છે આ વાતોને છોડો અને ખુશીનો ખોરાક લો. સદા ખુશ રહો અને ખુશી વહેંચો કારણ કે ખુશી એવી ચીજ છે તે જેટલી વહેંચશો તેટલી વધશે.

આપણું જીવન અત્યારે દુઃખથી મુક્ત થઈ સદા સુખ, શાંતિ, ખુશીમાં બદલાઈ ગયું. કોઈ ચિંતા નહીં. જેના સાથી છે ભગવાન એને આંધી અને તોફાન રોકી શકશે નહીં. તોફાન તોહફા (ભેટ)માં બદલાઈ ગયું. 'હું' પણું મારા બાબાને આપી દીધું. તો સર્વ દુઃખ દૂર. 'મારા' પણું આવ્યું એટલે ગૃહસ્થી. તારું અર્થાત્ શિવબાબાનું એટલે ટ્રસ્ટીપણું. તો એ ચેક કરો કારણ કે વાયુમંડળ સંસારનું હોય છે. મારું આવ્યું તો દુઃખ અશાંતિ, ખટપટ અને તારું તો સર્વ દુઃખ દૂર.

॥ ઓમશાંતિ ॥

સમય જે ઈશારો કરી રહ્યો છે તેને સમજો

બ્ર.કુ. ઉષાબેન, શાંતિવન, આબુ રોડ

હવે સમય જે ઈશારો કરે છે તે આપ સૌ જોઈ પણ રહ્યા છો અને અનુભવી પણ રહ્યા છો, કે સમય તીવ્ર ગતિથી આગળ વધી રહ્યો છે. આ પ્રકારના સમયને જોતાં બાળકોને અવ્યક્ત બનાવવાના જે બાબાના સંકલ્પ છે એ કારણે જ બાબાએ પોતાનો સાકાર પાર્ટ બંધ કરી દીધો. કારણ કે બાબા જાણતા હતા કે જો હું નીચે જતો રહીશ તો બાળકો એટલામાં જ રહેશે. કહે છે બાબા તો આવે છે ને. તો અવ્યક્ત બનવાનો પુરુષાર્થ કરશે નહીં. એટલે હવે બાબાએ સાકાર મુલાકાત, યા સાકારમાં અવ્યક્ત મુલાકાત બંધ કરી દીધી છે. એટલે બાબા ઈચ્છે છે કે હવે બાળકો અવ્યક્તમાં અવ્યક્ત મિલન કરે અને જેટલા તેના અભ્યાસી બનીશું એટલા સહજતાથી અંતિમ સમય પહેલાં સ્વયંને તૈયાર કરી શકીશું. એટલે બાબાએ પહેલાં 33 વર્ષ તો સાકારમાં મિલન કર્યું. અર્થાત્ બ્રહ્માબાબા દ્વારા શિવબાબાનું મિલન થતું રહ્યું. તે સાકારમાં સાકાર મિલન હતું.

પછી જ્યારે બ્રહ્માબાબા અવ્યક્ત થયા, તો 49 વર્ષ સુધી સાકારમાં અવ્યક્ત મિલન ચાલ્યું અને હવે જે બાકીનો સમય છે એમાં એક છે અવ્યક્તથી અવ્યક્ત મિલન. તો સ્વયંને સમયને જોઈને તૈયાર કરવાના છે કે મારે મારી સ્થિતિ કઈ રીતની બનાવવાની છે. હું સમયના ઈશારામાં બહારના સમયની તો વાત કરીશ નહીં. કારણ કે તે તો તમે મારાથી પણ વધારે જાણો છો. કે બહાર સમયની અંદર શું ચાલી રહ્યું છે.

જે અંતિમ સમયના નજારાઓ કહો, એ વાતો તો પ્રેક્ટિકલમાં દેખાઈ રહી છે. પરંતુ હવે સમય આપણને કયો ઈશારો આપી રહ્યો છે? સમયના ઈશારાને જો આપણે નહીં સમજ્યા અને પોતાની સ્થિતિ એ અનુસાર નહીં બનાવી તો ભગવાન પણ કંઈ કરી શકશે નહીં. એટલે બાબાનું આવવાનું બંધ થવું એ બાબાનો ઈશારો છે કે હવે અવ્યક્તમાં અવ્યક્ત મિલન કરો. પછી નિરાકારથી નિરાકારનું મિલન કરો. એટલે બાબાની મુરલીઓમાં કેટલીયે વાર સાંભળીએ છીએ કે બાળકો, હવે આવો અભ્યાસ વધારો. જે સાકારી, આકારી, નિરાકારી એમાં આવવું જવું બહુ સહજ બની જાય. એટલા માટે બાબા દરેક અવ્યક્ત મુરલી પછી આપણ બાળકોને ડ્રિલ કરાવે છે. આ ડ્રિલ શા માટે કરાવે છે? બાબા અભ્યાસ કરાવી રહ્યા છે કે અંતિમ સમયમાં જો આ અભ્યાસ હશે તો સહજ આ અભ્યાસ ખેંચશે. અભ્યાસ આપણને એ સ્થિતિમાં લઈ જશે. જે રીતે કોઈ વ્યક્તિને કોઈક વાતનો અભ્યાસ હોય છે તો ન ઈચ્છવા છતાં સમય પર તે અભ્યાસ તેને ખેંચે છે.

દા.ત. દુનિયામાં આપ જુઓ છો કે કોઈને જુઠ્ઠુ બોલવાનો અભ્યાસ હોય છે. વાત વાતમાં જૂઠ્ઠું બોલે છે. તો જ્યારે સમય આવે છે તો તેની અંદરથી કોઈને કોઈ જૂઠ નીકળે છે. પછી એને જો યાદ અપાવો કે આપે એમ શા માટે કહ્યું કે સત્ય બોલીએ તો શું થશે. તો કહે છે, જૂઠ્ઠુ બોલ્યા તો શું થયું. અર્થાત્ એને જૂઠ્ઠુ બોલવાનો અભ્યાસ છે. તો તે અભ્યાસ તેને વારંવાર ખેંચે છે. એ જ ટ્રેંડમાં નાખી દે છે.

એ રીતે બાબા આપણને ડ્રીલ કરાવે છે અને

(અનુસંધાન પેજ નં. 31 પર)

પ્રસન્નતાના પથ પર

જેટલા વિચારશો તેટલી પરિસ્થિતિ પ્રભાવ પાડશે

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા

આપણો આત્મા પણ એક બેટરી જેવો છે. જ્યારે આત્મારૂપી બેટરી ચાર્જ થયેલી હોય છે. ત્યારે ખુશીનો અનુભવ થાય છે. જ્યારે આ બેટરી ચાર્જ થશે તો આપણે આપનાર બની જઈશું. ડીસ્ચાર્જ હશે તો લેનાર બની જઈશું. દરેક પરિવારમાં એ ધ્યાન રાખવાનું છે કે મનની શક્તિ ઓછી ન થાય.

આજે આપ જોશો કે દરેકને ખુશી જોઈએ. આટલા પૈસા એકઠા કર્યા સર્વ કાંઈ આવી ગયું. પરિવાર એટલો સારો છે. શરીર સ્વસ્થ છે છતાં પણ હાથ ઉઠાવી રહ્યા છે કે અમારે ખુશી જોઈએ. આપણે ખુશીનો નિરંતર કેમ અનુભવ કરી શકતા નથી. કારણ કે આખો દિવસ જે વાતો આવે છે તે મારા અનુસાર હોતી નથી. એમાં મારી વિચારવાની પદ્ધતિ બેટરીને ઓછી કરે છે. જો આપની પાસે સર્વ કાંઈ છે પણ આત્માની શક્તિ ઓછી છે તો આપને ખુશીનો અનુભવ થતો નથી. કારણ ખુશી બહારની ચીજોમાંથી આવતી નથી.

હું ક્યાંક જઈ રહી હતી ત્યારે મારી સામેની સીટ પર એક ભાઈ બેઠા હતા. તેઓ સતત પોતાનો મોબાઈલ ચેક કરી રહ્યા હતા. તો મેં પૂછ્યું આપ શું કરી રહ્યા છો? એમણે જવાબ આપ્યો કે અમારી ઓફિસમાં આગ લાગી છે અને બધો સામાન સળગી ગયો છે. મેં એમનો ચહેરો જોયો અને પૂછ્યું કે આપ સ્વસ્થ છો? હા ઓફિસ સળગી છે પણ સર્વ કાંઈ ઠીક છે એમની પૂરી ઓફિસ સળગી ગઈ હતી પણ મનમાં આગ લાગ્યાની અસર નહોતી. તો મનની સ્થિતિ એ શું કર્યું. કે પરિસ્થિતિ ઉપર મનની સ્થિતિ પ્રભાવી બની ગઈ જો ધ્યાન રાખ્યું ના હોત તો મનની સ્થિતિ પરિસ્થિતિ પર પ્રભાવી બની જાત આપણે જીતી જઈએ છીએ. કહેવામાં આવ્યું છે કે મનજીતે જગતજીત. આપણે ઉલ્ટા ચાલીએ છીએ. કહીએ છીએ કે સર્વ કાંઈ મારા અનુસાર ચાલશે તો ખુશી મળશે. મતલબ પહેલાં જગ પર જીત મેળવીશું પછી મન જીતી શકીશું.

પોતાનો એક હાથ આગળ કરો અને અનુભવશો કે હાથમાં દર્દ થઈ રહ્યું છે. આ એક પરિસ્થિતિ છે. સવારે જ્યારે આપ ઉઠ્યા તો બિલકુલ સુન્ન, હાથમાં બહુ દર્દ થઈ રહ્યું હતું. એનો અનુભવ કરો. આ પરિસ્થિતિ છે. જ્યારે આ પૂરા હાથમાં દર્દ થઈ રહ્યું છે તો શું મનને પણ દર્દ થશે? આપ અનુભવ કરીને જોશો તો ખબર પડશે. જ્યારે આપ વિચારશો નહીં ત્યાં સુધી મનમાં દર્દ થશે નહીં. પણ જેવું આપે વિચારવાનું શરૂ કર્યું કે શા માટે દર્દ થઈ રહ્યું છે. તો મસ્તકમાં પણ દર્દ શરૂ થશે.

આ પરિસ્થિતિ છે અને મનની સ્થિતિ છે. પરિસ્થિતિ ઠીક નથી. મનની સ્થિતિ પર પરિસ્થિતિનો પ્રભાવ પડશે નહીં. જ્યારે મનની સ્થિતિનો પ્રભાવ પરિસ્થિતિ પર પડવાની શરૂઆત થાય છે. તો કોણ શક્તિશાળી બન્યું? પરિસ્થિતિ યા મનની સ્થિતિ?

॥ ઓમશાંતિ ॥

ભગવાનના સાથી - બ્રહ્માકુમારી લચ્છુદાદીજી

બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુ રોડ



પ્રભુને પામવા ઋષિ-મુનિઓએ કઠોર તપ કર્યા, કેટલાં દુઃખ સહન કર્યા? પણ પ્રભુ ન મળ્યા એટલે તેઓ નેતી નેતી કહી ગયા. પણ એ આત્માઓ કેટલી મહાન છે જેમણે પ્રજાપિતા બ્રહ્મામાં પધારેલા શિવને સાક્ષાત જોયા! ધન્ય છે તે આત્માઓ જેમણે પિતાશ્રી બ્રહ્માબાબા દ્વારા પ્રભુ-પ્રેમનું અમૃત પીધું. તે સૌભાગ્યશાળી પ્રભુ-પ્રેમીઓમાં એક અદ્વિતીય પ્રભુરત્ન, સાકાર બ્રહ્મા દ્વારા ઈશ્વરનું સાંનિધ્ય મેળવનાર, ભગવાનના સાથી હતા 'બ્રહ્માકુમારી લચ્છુ દાદીજી'. ભાગીરથ બ્રહ્મા તનમાં અવતરિત શિવના દિવ્ય કર્તવ્યો અને આદિ દેવ બ્રહ્માના દરેક શ્રેષ્ઠ કાર્યોના એકમાત્ર સાક્ષી અને સાથી બનવાનું દુર્લભ પદમાપદમ સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું લચ્છુદાદીને. ખૂબ નિકટતાથી શિવલીલા જોનાર લચ્છુદાદી ખૂબ ગર્વ અને નશાથી કહેતા, ' સ્વયં ભગવાન જે ભાગીરથમાં આવ્યા, મને તે ભાગીરથની સંભાળ રાખવાનો પાર્ટ મળ્યો.' બાળપણથી જ બ્રહ્મ-મુહૂર્તથી રાત્રી સુધી, દરેક ક્ષણ બ્રહ્માબાબા સાથે પડછાયાની જેમ રહેતા લચ્છુદાદી દિલથી ગાતા, 'તુમ્હી સંગ બૈઠું, તુમ્હી સંગ ખેલું, તુમ્હીં સંગ ખાઉં, તુમ્હીં સંગ રાસ રચાઉં, તુમ્હીં કો દિલ કા હાલ સુનાઉં...'

દાદીજીનો લૌકિક જન્મ 8 ફેબ્રુઆરી 1939ના શુભ દિવસે હૈદરાબાદ, સિંધમાં થયો હતો. પિતા 'દયાલદાસ થડાણી' અને માતા 'કમલા' એ આ ભાગ્યવાન કન્યારત્નને સુંદર નામ આપ્યું 'લક્ષ્મી' દાદી યજ્ઞમાં સમર્પિત થયા ત્યારે શિવપિતાએ અવ્યક્ત નામ આપ્યું, 'હૃદય ઈન્દ્રા!' પ્રિય બ્રહ્માબાબા દાદીજીને ક્યારેક 'લચ્છુ કે લચ્છી દીકરી' તો ક્યારેક 'લચ્છુલાલ' કહીને બોલાવતા. દાદીની વિશેષતા હતી એક્યુરેસી, બાબાને દરેક કામ એક્યુરેટ હોય તે ગમતું. દાદી પણ દરેક કામ પરફેક્ટ કરતા. આ ખૂબીને કારણે જ લચ્છુદાદીનો બ્રહ્માબાબા સાથે મહત્વપૂર્ણ પાર્ટ રહ્યો. બાળપણથી જ દાદીજીને આદિદેવ પિતાશ્રી બ્રહ્માબાબા, આદિદેવીમાં જગદંબા, દીદી-દાદીઓ અને શ્રેષ્ઠ યજ્ઞરત્નોના સાનિધ્યમાં રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. એક સજાગ યોદ્ધાની જેમ, દાદીજી એલર્ટ - એક્ટિવ બની કુશળતાથી વિધિપૂર્વક યજ્ઞનો કારોબાર કરતા. દિવસ-રાત અથાક સેવા કરવા છતાં પણ ખૂબ જ ગુપ્ત, શાંત અને હળવા રહેતા. જે પણ સેવા મળે, જ્યાં સુધી તે યોગ્ય રીતે પૂર્ણ ન થાય ત્યાં સુધી તેઓ શાંતિથી બેસતા નહીં.

આવો સાંભળીયે, લચ્છુદાદીના બાળપણની વાતો તેમના જ શબ્દોમાં, 'મને યાદ છે જ્યારે હું 5 વર્ષની હતી અને બાલ્કનીમાં રમી રહી હતી, ત્યારે અચાનક પગ લપસ્યો અને હું સીધી ગ્રીલ પરથી નીચે પડી ગઈ, મેં જોયું કે નીચે એક ભાઈ ઊભો હતો. હું તેના પર પડી, તો તે પણ પડી ગયો. મારા પગ થોડા જમીનને ટચ થયા અને પગમાં થોડો મચકોડ આવ્યો બસ, બાબાએ મને કેવી રીતે બચાવી' શરૂ-શરૂમાં તો ઓમ મંડળીમાં સત્સંગ ચાલતો હતો. ઓમ મંડળીમાં સાંજના સમયે ઓમ ધ્વનિ થતી, તો માતાઓ દેહથી ન્યારી થઈ ધ્યાનમાં જતી રહેતી. અમારી માતા પણ ત્યાં

સત્સંગમાં જતી હતી, તો અમે નાના બાળકો અમારી માતાને પકડીને તેમની પાછળ પાછળ જતા. મને બાબા બહુ ગમતા હતા. બાબા જ્યાં પણ જતા, હું બાબાની બાજુમાં જઈને બેસી જતી. હું એવું સમજતી હતી કે મારા લૌકિક પિતા પણ એ જ છે, તે સમયથી બાબા સાથે મારી લગન લાગી ગઈ. બાબા કાશ્મીર ગયા, ત્યાં બાબાને પ્રેરણા થઈ કે માતાઓના બાળકો માટે બોર્ડિંગ ખોલવી. બાબાએ તેમના બાળકો માટે એક મકાન બનાવ્યું હતું, જેમાં તેમણે દિવાળીના શુભ દિવસે બોર્ડિંગ ખોલ્યું. બાબાએ બાળકોને કહ્યું, ‘તમારા માતા-પિતા પાસેથી લખાવીને લાવો કે તેઓ બાળકોની અને માતા-પિતાની ખુશીથી આ આધ્યાત્મિક બોર્ડિંગ સ્કૂલમાં અભ્યાસ કરવા માટે રજા આપે છે.’ માતા-પિતાએ મને અને મારી મોટી બહેન ઈશુને રજા આપી દીધી. બંને બહેનો દિવાળીથી બોર્ડિંગમાં રહેવા લાગી.

બાબા બોર્ડિંગ સ્કૂલમાં અમને ખૂબ લાડકોડથી રાજકુમારી જેવી પાલના આપતા. અમે લગભગ 80 બાળકો હતા, જેમાં પાંચ-છ કુમારો અને બાકી બધી કુમારીઓ હતી. ત્યાં લૌકિક અને અલૌકિક પાલના આપવામાં આવતી. સવારથી રાત સુધીની દિનચર્યા આ પ્રમાણે હતી. સવારની શરૂઆત પાંચ વાગ્યાના રેકોર્ડ ‘જાગ સજનિયા જાગ...’ થી થતી. પાંચ દાદીઓ અને પાંચ માતાઓ દ્વારા અમારી રૂહાની પાલના અને સ્થૂળ સેવા થતી. સવારે હાથ-મોં ધોઈ, દૂધ-બદામ ખાઈને બગીચામાં ફરવા જતા. કસરત અને ખેલકૂદ કરી પાછા ફર્યા પછી માતાઓ અમને તેલ માલિશ - સ્નાન વગેરે કરાવતી. પછી નાસ્તો કરી શાળાએ જતાં, જ્યાં દુન્યવી અને આધ્યાત્મિક અભ્યાસ એકસાથે થતો હતો. બે કલાક અમારી સ્કૂલ હતી, જ્ઞાન ખૂબ જ સરળ રીતે સમજાવતા હતા. દાદીઓ સાથે ભોજન કરી આરામ કર્યા પછી, સાંજે ઈનડોર ગેમ્સ જેમ કે, કેરમ બોર્ડ, દોરડા કૂદ, લુડો અને બેડમિન્ટન રમતા. મિઠ્ઠુદાદી ગીત ગાતા શીખવતા. બાબા આવીને સાંભળતા કે બાળકો કેવું ગાય છે.

રાત્રે બધા આંગણામાં બેસીને ભોજન કરતા. બાબા બધાના ખબર- અંતર પૂછતા, બાળકો બધું ઠીક છે ને, કોઈને કોઈ તકલીફ તો નથી ને? આ રીતે રૂહરિહાન કરતા. રાત્રે સૂવા જઈએ ત્યારે અમારા પલંગ પર મચ્છરદાની લાગેલી હોય. બાબા બધાને લાઈનમાં દૃષ્ટિ આપતા અને ગીત વાગતું, ‘સો જા, રાજકુમારી, સો જા...’ તો બધા સૂઈ જતા. બાબાની પરવરિશને કારણે બધા સ્વસ્થ રહેતા. બધાના સ્કૂલ ડ્રેસ પર દોરાથી ઓમ બનાવવામાં આવ્યો હતો. કોઈ V.I.P. જ્યારે શાળામાં આવતા ત્યારે અમે તેમની સામે એક નાટક ભજવતા, જેમાં ભોલાભાઈ અને બ્રહ્માકુમારી વચ્ચે સંવાદ થતો. બ્રહ્માકુમારી ભોલાભાઈને પૂછે છે, ‘તમે કોણ છો?’ ભોલાભાઈ શરીરનું નામ કહેતા ત્યારે બ્રહ્માકુમારી કહેતી, ‘નહીં, તમે આત્મા છો.’ આ રીતે, બ્રહ્માકુમારી આત્માનું જ્ઞાન આપતી, ત્યારે મહેમાનો વખાણ કરતા કે બોર્ડિંગ સ્કૂલમાં બાળકોને સારું શિક્ષણ આપવામાં આવે છે. આ નાટકમાં ગુલઝારદાદી અને મેં (લચ્છુદાદી) પણ ભૂમિકા ભજવી હતી.

હું પિતાશ્રીની સાથે જ રહેતી હતી. બાબા બે-અઢી વાગ્યે ઉઠી જતા. બાબા જાગે અને હું સુઈ રહું એ તો બાબાનો ડિસરિગાર્ડ છે ને, તેથી મેં મનમાં દૃઢ સંકલ્પ કર્યો કે બાબા જાગે એટલે હું પણ બાબાની સાથે જાગી જઈશ. મેં આ પાક્કો નિર્ણય કર્યો. બાબા જેવા ખાટલા પરથી પગ નીચે મૂકતા કે તરત જ હું જાગી જતી અને ઉઠીને બેસી જતી. બાબા કહેતા, ‘મુઠ્ઠી, આટલો ધીમેથી ઉઠ્યો છતાં

તું જાગી ગઈ?' હું જોતી કે બાબા આંગણામાં જઈને બેસતા, તે સમયે બાબાનું સ્વરૂપ એટલું શક્તિશાળી હોય કે કોઈ તેમની સામે જવાની હિંમત ન કરી શકે. તે સમયે બાબા આખી દુનિયાને સકાશ આપતા. ખાસ બાંધેલી માતાઓને પણ શક્તિ અને સકાશ આપતા. બાંધેલીઓનાં પત્રો આવતા કે બાબા, ફલાણી રાત્રે મને એવો અનુભવ થયો કે અમે બાબાને મળ્યા. બાંધેલીઓ બાબાને મળવાનો અનુભવ કરતી હતી.

ક્યારેક દિવસ દરમિયાન બાબા પોપ આવ્યાના સમાચાર વાંચતા, પછી બાબા વિચારતા કે તેમને પ્રભુ પિતાનો સંદેશ કેવી રીતે આપવો, બાબા અમૃતવેલે લખતા અને મારી પાસે લખાણ ચેક કરાવતા, પછી સુધારા કરતા. આ રીતે બાબાની આ રૂહાની સેવા ચાલતી હતી. પછી બાબા દૂધ પીને ક્લાસમાં જતા. હું બાબા માટે નાની-નાની રોટલીઓ બનાવતી, તેમાં મધ અને માખણ લગાવીને બાબાને આપતી ત્યારે બાબા પહેલા શિવબાબાને યાદ કરતા અને રોટલીનો પહેલો ટુકડો મને ખવડાવતા પછી પોતે ખાતા. યજ્ઞમાં લોકો બેગરી પાર્ટમાં રોટલી પર ગોળની ચાસણી લગાડી ખાતા હતા. બાબાની સ્થિતિ સંપૂર્ણતા તરફ જઈ રહી હતી, ત્યારે અમે જોયું કે દિવસેને દિવસે બાબા ઉપરામ થઈ રહ્યા હતા. તે સમયે વિશ્વકિશોર ભાઉનું મુંબઈમાં ઓપરેશન ચાલી રહ્યું હતું એટલે બાબા અહીં બેસીને યોગદાન આપી રહ્યા હતા. જ્યારે બાબાએ દેહત્યાગ કર્યો ત્યારે અમારી સ્થિતિ સારી હતી. બાબાએ બાળપણથી જ દૈવી ગુણો ભર્યા હતા અને પાક્કું કરાવ્યુ હતું કે ક્યારેય જૂઠું બોલવુ નહીં, ક્યારેય રડવું નહીં. બાબા કહેતા હતા, 'માં મરે તો પણ હલવો ખાઓ', તેથી જ્યારે બાબા અવ્યક્ત થયા ત્યારે આંખોમાં આંસુ નહોતા આવવા દીધા.

શરૂઆતમાં બાબાએ પુરુષાર્થ માટે ગૃપ બનાવ્યા હતા. તેમાં એક ગૃપ હતું 'રમા પાર્ટી', એટલે કે દાદી પ્રકાશમણિજીનું ગૃપ, જેમાં લચ્છુદાદીજી પણ હતા. પુરુષાર્થની સાથે-સાથે લચ્છુદાદી ગૃપનું ભોજન બનાવવામાં પણ મદદ કરતા હતા. દાદી પ્રકાશમણિજી ગ્રુપનાં ટીચર અને કેર ટેકર પણ હતા. લચ્છુદાદી સેહલ રીંગણ(સિંધી શાક) અને સેલમાની (રાતે વધેલી રોટલીમાંથી સવારે બનાવવામાં આવતું એક સિંધી વ્યંજન) બનાવવામાં એક્સપર્ટ હતા. શરૂઆતમાં, જ્યારે બ્રહ્માબાબાએ કલ્પવૃક્ષ અને ત્રિમૂર્તિના ચિત્રો બનાવડાવ્યા, ત્યારે વિશ્વરતન દાદા અને બહેનોની સાથે લચ્છુદાદી પણ રાતે-રાતે જાગીને ચિત્રો બનાવવામાં મદદ કરતા. ક્યારેક મુરલીમાં ફૂલનો ઉલ્લેખ આવતો, ત્યારે દાદી બગીચામાંથી ફૂલ તોડીને ક્લાસમાં લઈ આવતા.

ભારત-પાકિસ્તાનના ભાગલા પછી 05-05-1950ના રોજ યજ્ઞ કરાચીથી ભારત, આબુ પર્વત,



બ્રિજ કોઠીમાં સ્થળાંતર થયું. પછી બ્રિજ કોઠીથી, યજ્ઞ કોટા હાઉસ (રાજસ્થાન સર્કિટ હાઉસ)માં શિફ્ટ થયો. બાદમાં પોકરણ હાઉસ (વર્તમાન પાંડવ ભવન)માં આવ્યા. શરૂઆતમાં બ્રિજેન્દ્રા દાદીજી અને સંતરી દાદીજી બ્રહ્માબાબાની દેખભાળ રાખતા હતા, કોટા હાઉસ આવ્યા પછી આ જવાબદારી લચ્છુદાદીને સોંપવામાં આવી. બાબાના કપડાં, રૂમ વ્યવસ્થિત રાખવો, ટોલી ફળની વ્યવસ્થા કરવી, બાબા માટે શું ભોજન બનાવવું, એ પણ લચ્છુદાદી જ ફાઈનલ કરતા. લચ્છુદાદી એક રીતે બ્રહ્માબાબાના બ્રાહ્મણી (સેવાસાથી) હતા. સાકાર બાબા અવ્યક્ત થયા, તો લચ્છુદાદી મનમોહિનીદીદીના બ્રાહ્મણી બન્યા. તેઓ દીદીજીની દરેક સેવા ખૂબ પ્રેમથી કરતા. દીદીજીનાં ડાયરી-પેન તેઓ ક્લાસમાં જાય તેની 10 મિનિટ પહેલા જ ક્લાસમાં દીદી જ્યાં બેસતા ત્યાં મુકી આવતા.

1981માં, લચ્છુદાદીને પ્રકાશમણિદાદી સાથે વિદેશ સેવાની સુવર્ણ તક મળી. વિદેશ સેવાથી પાછા આવ્યા પછી, અવ્યક્ત બાપદાદાએ લચ્છુદાદીને કહ્યું, 'આ પણ વિદેશ પ્રવાસ કરીને પાછી આવી ગઈ છે. તેણે તપસ્યા પણ કરી છે ને? આ પણ લક્કી છે કે જે બાળપણથી જ શ્રેષ્ઠ સંગતમાં રહી છે. આવું ભાગ્ય પણ દરેકનું નથી હોતું. હવે વિદેશનાં રિટર્નમાં શું કરશો? હમણાં પ્રેક્ટિસ કરો, ક્લાસ પણ કરાવવાની પ્રેક્ટિસ કરો. ઘણું ડાયરેક્ટ સાંભળ્યું છે, જે નખમાં છુપાવીને કહેવામાં આવે છે (ગુપ્ત વાત), તે પણ સાંભળી છે, તેનું રિટર્ન તો આપશો ને.' સારું, સેવાભાવી બાળકો જ્યાં પણ જાય છે ત્યાં સેવાનો પુરાવો જરૂર આપે છે.

દાદીજી પાસે અનેક સેવાઓની જવાબદારી હતી, જેમ કે દરેક સદગુરુવાર કે બાબાના ભોગના દિવસે બાબાનો ભોગ વિધિપૂર્વક સજાવવો, તૈયાર કરવો અને લઈ જવો, અમૃત બનાવવું, દાદીઓને ભોજન કરાવવું, સિંધી મુરલી લખવી, કરેક્શન કરવું અને વહેંચવી - દાદીની હેન્ડરાઈટીંગ ખૂબ જ સુંદર હતી, અક્ષરો મોતી જેવા હતા, ફેન્સી સ્ટોર જૂતા, ચંપલ, છત્રીનો સ્ટોર, ડ્રાયફ્રૂટનો સ્ટોર, સાકાર બાબાની બધી વસ્તુઓને સંભાળીને રાખવી, જેમ કે બ્રહ્માબાબાની ધોતી, કુર્તા, બંડી, ડ્રેસ, સ્વેટર વગેરે... સાકાર બાબાની ડાયરી, ચોપાટ, સૌથી નાની ગીતા, ચોખાના દાણા પરનો હાથી, લાલ પેન્સિલ, લેટર પેડ, પત્રો, રામ-રાવણ-સીતાવાળુ ચુંબકીય રમકડું વગેરે... દાદી બધું સંભાળીને રાખતા અને વિદેશી ભાઈ-બહેનો આવે ત્યારે તેમને બતાવતા. યજ્ઞની કોઈ પણ વસ્તુને નુકસાન ન થાય તેનું દાદી ખૂબ જ ધ્યાન રાખતા. દાદીમાં ઈકોનોમીના સંસ્કાર હતા.

લચ્છુદાદીજીની એક ખાસ વિશેષતા એ પણ હતી કે જો મધુબન, મ્યુઝિયમ, જ્ઞાન સરોવર, શાંતિવન, સંગમ ભવન, ગ્લોબલ હોસ્પિટલ અને પીસ પાર્કમાં કોઈ કાર્યક્રમ હોય અને ત્યાંથી નિમંત્રણ મળ્યું હોય અથવા ત્યાં જવાની તક મળે, તો દાદી ક્યારેય તે કાર્યક્રમ ચૂકતા નહીં. દાદી કહેતા કે કોઈ પણ સીનને મિસ નહીં કરો. ડ્રામાની નોંધને કલ્પ-કલ્પ પોતાનામાં રેકોર્ડ કરી લો. એટલા માટે દાદી કોઈપણ કાર્યક્રમ ચૂક્યા વિના દરેક જગ્યાએ પહોંચી જતા.

મુજ આત્મા (લેખક)ને પણ લચ્છુદાદીજીની વિશેષતા જોવાની તક મળી. દાદીને બાબા અને યજ્ઞ સેવા પ્રત્યે ખૂબ પ્રેમ હતો. મેં દાદીમાં ક્યારેય સુસ્તી, આળસ, બેદરકારી કે બહાનાબાજી જોયા નથી. નાના બાળક જેટલી નિર્દોષતા, નમ્ર-નિરંહકારી બની હંમેશા દરેક સેવામાં હંમેશા 'હાં

જી’ નો પાર્ટ ભજવનારા દાદી, દિવસ હોય કે રાત, કોઈપણ સેવા માટે હંમેશા ચુસ્ત અને એવરરેડી રહેતા. અમે માતેશ્વરી નિવાસમાં એક રોક ગાર્ડન બનાવ્યો હતો. જે પહેલા ગુલઝાર દાદી જોવા આવ્યા. તો લચ્છુદાદીએ જાનકીદાદી અને નિર્મળશાંતાદાદીને રોક ગાર્ડન બતાવીને મારું મનોબળ વધાર્યું. હું મધુબનમાં સમર્પિત થયો ત્યારે હું નાનો હતો. કોઈ ચિત્ર બનાવતો કે પ્લાસ્ટિકના ફૂલોની ફૂલદાની બનાવતો તો લચ્છુદાદી પ્રકાશમણિદાદીને બતાવીને મને શાબાશી અપાવતા. શાંતિવન આવ્યા પછી, હું સિંધી વાંચતા અને લખતા શીખ્યો. દાદી મને પ્રેમથી દરેક શબ્દ એક્યુરેટ લખવાનું શીખવતા, મારો ઉત્સાહ વધારતા. દાદીનાં અક્ષર ખૂબ જ સુંદર હતા. પ્રકાશમણિદાદી માટે લચ્છુદાદી મોતી જેવા અક્ષરોમાં અવ્યક્ત મુરલી લખતા હતા. બાપદાદાની પધરામણી દરમિયાન, દાદીજી ખૂબ જ શ્રદ્ધા ભાવનાથી સુંદર રીતે ફળો કાપતા, દાદીનાં દરેક કાર્યો જ કળા હતા.

દિનેશભાઈ (ટોલી વિભાગ, પાંડવ ભવન) લચ્છુદાદીની વિશેષતાઓ જણાવે છે, ‘ લચ્છુ દાદીમાં સાદગીના અદ્‌ભુત સંસ્કાર હતા, દાદીએ તેમનું આખું જીવન એક નાની જગ્યામાં ખાટલો અને કબાટ સાથે વિતાવ્યું. બાબાનાં જમ્યા પછી લચ્છુદાદી જમતા. પાંડવ ભવનમાં પણ પ્રકાશમણિ દાદીના જમ્યા પછી જ લચ્છુદાદી જમતા. દાદીની જીવનશૈલી સાદી-સરળ હતી, તેઓ વડીલોનો આદર કરતા, નાના એવા મુઢા પર બેસીને નાની થાળીમાં જ જમતા.’ મેં કહ્યું, ‘તમને ટેબલ બનાવી આપીએ?’ તો દાદીએ ના પાડી. દાદી કસરત કરતા, તેઓ ક્યારેય બીમાર પડ્યા નહીં, હંમેશા સ્વસ્થ રહ્યા. દાદીએ જ્યારે શરીર છોડ્યું ત્યારે કપડાં સિવાય, તેમના કબાટમાંથી કોઈ વધારાની વસ્તુ કે એક રૂપિયો પણ મળ્યો નહીં. તેમને કોઈ પણ ચીજ મળતી તો તેઓ પ્રકાશમણિદાદીને આપી દેતા. એકવાર ગ્લોબલ હોસ્પિટલમાં સુંદર મજાનું સિલ્વર ટ્રી (ચાંદીનું ઝાડ) ગિફ્ટમાં મળ્યું, તો દાદીએ મને આપ્યું. મેં મધુબન આવી લચ્છુદાદીને આપ્યું. લચ્છુદાદીએ તરત જ તે મોટા દાદી પ્રકાશમણિ દાદીને આપી દીધું. મેં કહ્યું, ‘તમે એને તમારા રૂમમાં સજાવીને રાખો’ તો લચ્છુદાદીએ કહ્યું, ‘મોટી દાદી પાસે VIP આવે છે, તેમને આપીને દાદી સેવા કરશે ને!’

દાદી ખૂબ જ નિર્મોહી-નિર્લોભી હતા, કોઈના પ્રત્યે કોઈ લગાવ નહોતો, ઈશુદાદી તેમના મોટા બહેન હતા, પરંતુ કોઈએ ક્યારેય તેમની વચ્ચે કોઈ લૌકિકતાનો ભાવ કે ભાન જોયા ન હતા. વર્ષો સુધી મધુબન નિવાસીઓને ખબર નહોતી પડી કે બંને દાદીઓ લૌકિક બહેનો છે. લચ્છુદાદીએ ક્યારેય ઈશુદાદીના પદ પ્રતિષ્ઠાનો લાભ લીધો ન હતો. સેવામાં એટલી સફાઈ, એટલા પંક્ચ્યુઅલ, સાડા સાત વાગ્યે ભોગ લઈને પહોંચી જતા. 7.35 કે 7.40 નહોતા થવા દેતા, બધી દાદીઓને પૂછીને, મને (દિનેશભાઈને) ભોગની સેવા સોંપી, અમૃત બનાવતા શીખવ્યું અને ટ્રેનિંગ આપી કે ચારે બાજુ મોટા ફળો અને દ્રાક્ષ જેવા નાનાં ફળોને પ્લાસ્ટિકમાં અને ચીકુને વચ્ચે સજાવો. ફૂલમાં કાંટા, જંતુઓ હોય અથવા સડી ગયા હોય, તો તેને કાઢી, ફૂલો ધોઈ પ્લેટમાં સજાવો. એકવાર દાદી શાંતિવનમાં હતા, તેથી તેમણે મને ગુરુવારનો ભોગ તૈયાર કરવાનું કહ્યું, મેં ફૂલોની પ્લેટ નીચેના રેકમાં રાખી. દાદીએ તરત બોલાવીને બતાવ્યું, મેં કહ્યું, ‘દાદી, પ્લેટ ઉપરને બદલે નીચે તો છે ને?’ તો દાદીએ કહ્યું, ‘જો કોઈ અંધ વ્યક્તિ પણ આવીને કબાટ ખોલે તો તેને વસ્તુ ત્યાં જ મળવી જોઈએ’, આમ દાદી આટલા

(અનુસંધાન પેજ નં. 23 પર)

રક્ષાબંધન - આધ્યાત્મિક જ્ઞાનનો પવિત્ર ઉત્સવ

બ્ર.કુ. વિવેકાનંદ, મહાદેવનગર, અમદાવાદ

શ્રાવણ માસ એટલે ભારતીય સંસ્કૃતિના ઉત્સવનો આરંભનો માસ. શ્રાવણ માસથી અનેક તહેવારો, ઉત્સવનો આરંભ થાય છે. રક્ષાબંધન શ્રાવણ માસમાં આવતો એક પવિત્ર તહેવાર છે. યજ્ઞ ઈતિહાસમાં પણ રક્ષાબંધનનું અસાધારણ મહત્વ છે. એકવાર સાકાર બાબાએ રક્ષાબંધન ઉપર મુરલી ચલાવતા બ્રહ્માવત્સોને પ્રશ્ન પૂછ્યો કે આજે કોણ રાખી બાંધશે? ત્યારે પ્યારી મમ્મા સિવાય બધાએ હાથ ઊંચો કર્યો. બાબાએ મમ્માને પૂછ્યું, 'મમ્મા તમારે રાખી નથી બાંધવાની?' મમ્માએ જવાબ આપ્યો, 'બાબા, રાખી તો એક જ વાર બાંધવાની હોય ને ! એ તો મે બાંધી લીધી છે.'

મમ્માનો જવાબ સાંભળી બધા સ્તબ્ધ થઈ ગયા હતા.

હવે આપના મનમાં પ્રશ્ન ઉદ્દ્ભવ્યો હશે કે શું રાખી બાંધવી કે ન બાંધવી?મમ્મા દ્રઢ સંકલ્પધારી હતા એટલે મમ્માએ આત્મવિશ્વાસથી જવાબ આપ્યો. પરંતુ આપણે સૌ જાણીએ છીએ કે માયાવી દુનિયામાં સ્મૃતિ - વિસ્મૃતિનો ખેલ હમેશા ખેલાતો રહ્યો છે. વાસ્તવમાં દર વર્ષે લેવાતી પ્રતિજ્ઞાને દ્રઢ કરવા માટે આપણે રાખી બાંધીએ છીએ.

અત્રે એક નાનકડી સ્ક્રીપ્ટના માધ્યમથી રક્ષાબંધનને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

રુચિ : બા, આપણે આપણી સ્વતંત્રતાને આટલું બધું મહત્વ આપીએ છીએ, છતાં રક્ષાબંધન જેવું બંધન સૌને પ્રિય છે. આ તહેવારમાં એવું શું છે જે આપણને આ બંધનને આટલા પ્રેમથી જાળવવા પ્રેરણા આપે છે? રક્ષાબંધન પર આપણે એક સાદો દોરો કેમ બાંધીએ છીએ?

બા : બેટા, તારી વાત તો એકદમ સાચી છે. સૌ ભાઈ બહેનો, નાના હોય કે મોટા બધા જ રક્ષાબંધનની આતુરતાપૂર્વક વાટ જોતા હોય છે. માટે જ રક્ષાબંધન ઉત્સવને સમજવા જેવો છે.

રુચિ : એવી કઈ વાત સમજવાની છે? મને પણ કહો ને.

બા : જુઓ, પરંપરાગત રીતે, રક્ષાબંધનની શરૂઆત એક ધાર્મિક વિધિ તરીકે થઈ હતી, જેમાં એક બ્રાહ્મણ દરેક પરિવારની મુલાકાત લેતો હતો. દરેક સભ્યના કાંડા પર એક રક્ષા સૂત્ર (પવિત્ર દોરો) બાંધતો હતો, જે પ્રતિજ્ઞાનું પ્રતીક હતું. આ દોરો ફક્ત દોરાનો ટુકડો નથી; તે યોગ્ય મૂલ્યો, કાર્યો અને ચારિત્ર્ય સાથે જીવન જીવવાની પ્રતિજ્ઞાનું પ્રતિનિધિત્વ કરે છે.

રુચિ : તો શું આજે પણ બ્રાહ્મણો દોરો બાંધે છે?

બા : કદાચ ક્યાંક બાંધતા પણ હશે. પણ સમય જતાં પરિવારની નાની છોકરીઓએ આ દોરો બાંધવાનું શરૂ કર્યું અને વર્તમાન સમયમાં રક્ષા માટે બહેન ભાઈના કાંડા પર રક્ષાસૂત્ર બાંધે છે.

રુચિ : એનો અર્થ છે કે આ બંધન રક્ષાબંધનનું કેન્દ્ર બન્યું. બહેન-ભાઈ પાસેથી સુરક્ષાની આશા રાખે છે.

બા : જી.

રુચિ : પણ દાદી, આજના સમયમાં, શું કોઈ ભાઈ ખરેખર પોતાની બહેનને દરેક જોખમ, દરેક પડકારથી બચાવી શકે છે? અથવા રક્ષા કરી શકે છે?

બા : ના, ક્યારેક ભાઈ નાનો હોય, ક્યારેક દૂર

રહેતો હોય, અથવા નજીક હોય તો પણ, જીવનના પડકારો ભારે લાગી શકે છે. પણ બેટા આ માત્ર ભૌતિક સુરક્ષાની વાત નથી. પરંતુ આજે આપણને સૌથી મોટી લડાઈ સામે રક્ષણની જરૂર છે. તે લડાઈ કોઈ બાહ્ય નથી પણ આપણી અંદર છે - આપણી નબળાઈઓ, દોડતા ખોટા વિચારો અને આંતરિક અશાંતિ જે આપણી શાંતિને ખલેલ પહોંચાડે છે. ઘણીવાર, આપણે વિચારવાનું સંપૂર્ણપણે બંધ કરવા માંગીએ છીએ, પરંતુ આપણું મન નિયંત્રણ બહાર હોય તેવું લાગે છે. ક્યારેક આપણે આપણી નકારાત્મક આદતો અને નબળાઈઓને 'સામાન્ય' ગણીએ છીએ, પરંતુ આ જ બાબતો આપણી માનસિક સ્થિતિ, સ્વાસ્થ્ય, સંબંધો અને આપણી આસપાસની દુનિયાને પણ અસર કરે છે. આ લડાઈથી પણ તો સુરક્ષાની આવશ્યકતા તો છે ને?

રુચિ : હાસ્તો. પણ દાદી આ લડાઈ તો માત્ર બહેનોના મનમાં જ હોય?

બા : ના, સાંપ્રત સમયમાં આ લડાઈ તો સૌ લડી રહ્યા છે.

રુચિ : એનો અર્થ તો એમ થાય કે બધાને જ રક્ષા સૂત્રની આવશ્યકતા છે.

બા : હા બેટા એટલે જ રક્ષાબંધનને આધ્યાત્મિક રીતે સમજવાની આવશ્યકતા છે. આજે તો બીજાની રક્ષા કરવા કરતાં સ્વ-રક્ષણની પહેલા આવશ્યકતા છે. જો આપણે જ સશક્ત ન રહીએ તો બીજાની રક્ષા શું કરવાના? આપણી પોતાની નબળાઈઓથી આપણને કોણ બચાવશે?

રુચિ : એ જ તો?

બા : આનો જવાબ આપણી અંદર જ રહેલો છે બેટા. હવે પ્રશ્ન એ છે કે આપણને પોતાનો બચાવ કરવાની શક્તિ ક્યાંથી મળે?

રુચિ : આપણાં સાચા રક્ષક તો ભગવાન જ કહેવાય ને! એના વગર તો કોઈની રક્ષા કોણ કરી શકે અને કઈ રીતે થઈ શકે?

બા : એકદમ સાચી વાત. પરમાત્મા, ભગવાન, આપણને અંદરથી પોતાનું રક્ષણ કરવા માટે શાણપણ અને શક્તિ આપે છે.

રુચિ : દાદી, પરમાત્મા શાણપણ અને શક્તિ આપે છે એની ખબર ના પડી!

બા : બેટા, રક્ષાબંધન બે આવશ્યક પાસાઓનું પ્રતીક છે, શુદ્ધતા એટલે કે પવિત્રતા અને બીજુ રક્ષણ. વળી કહેવાય છે ને જ્યાં શુદ્ધતા છે ત્યાં જ પ્રભુતા છે અને જ્યાં પ્રભુતા છે ત્યાં જ રક્ષણ પણ છે. મન, વચન અને કર્મની શુદ્ધતા એટલે કે પવિત્રતા જ આપણી સાચી સુરક્ષા છે. આત્મા તરીકે, આપણે સંપૂર્ણ શુદ્ધતા જાળવી રાખવી જોઈએ, ખાતરી કરવી જોઈએ કે દરેક વિચાર દોષરહિત અને ઉમદા છે? આ પ્રાપ્ત કરવા માટે, આપણે નકારાત્મક અને નકામા વિચારો છોડી દેવા જોઈએ. આ શાણપણ આપણને પરમાત્મા આપે છે. **પરમાત્મા, જેમણે આપણી રક્ષા માટે વચન આપેલું હતું કે જ્યારે જ્યારે ધર્મ ગ્લાનિનો સમય આવશે ત્યારે હું ધરતી ઉપર અવતરિત થઈશ અને સૌને રક્ષણ પૂરું પાડીશ. હવે એ જ સમય ચાલી રહ્યો છે. પરમાત્મા ધરતી ઉપર અવતરિત થઈ દરેક આત્માના રક્ષણ માટે રક્ષાસૂત્ર આપી રહ્યા છે, 'હે આત્માઓ, તમે સાચા અર્થમાં પવિત્ર શુદ્ધ આત્મા છો એની સ્મૃતિ રાખી દરેક કર્મ કરશો, મારી સાથે સાચા અર્થમાં સંબંધ જોડશો. તન, મન, બુદ્ધિથી સમર્પિત થશો, તો હું દરેક પરિસ્થિતિમાં, વિઘ્નોમાં, સમસ્યાઓમાં તમારું રક્ષણ કરીશ.'** એટલે મેં પહેલા જ કહ્યુંને કે કાંડા પર દોરો બાંધવો એટલે પ્રતિજ્ઞા લેવી કે હું પોતાની જાતને શુદ્ધ અર્થાત

પવિત્ર રાખવા માટે કટિબદ્ધ છું.

આપણે બધા જ જાણીએ છીએ કે આપના મનમાં જે વિકૃતિ હોય છે ને એજ મનને અશાંત કરે છે. માટે આપણે જૂના, ઝેરી વિચારો છોડીને આપણા મનને શુદ્ધ કરીએ. દ્વેષ છોડી દઈએ, બીજાઓને માફ કરી ભૂતકાળને પૂર્ણવિરામ આપીએ. કારણ કે વારંવાર નકારાત્મક વિચારોનું પુનરાવર્તન કરવાથી, આપણા આત્માની શક્તિ નબળી પડે છે, આપણી નબળાઈઓ વધતી જાય છે. માટે એક ઉચ્ચ વિચાર બનાવો. **'હું એક શક્તિશાળી આત્મા છું. હું એક શુદ્ધ, શક્તિશાળી આત્મા છું. મારો દરેક વિચાર નિઃસ્વાર્થ અને ઉચ્ચ છે.'** જ્યારે આપણે આ માનસિકતા સાથે શરૂઆત કરીએ છીએ, ત્યારે આપણી આદતો અને સ્વભાવ બદલાવા લાગે છે.

રુચિ : ઓકે, રાખડી બાંધતા પહેલા કપાળ પર જે તિલક લગાવવામાં આવે છે, તે એ જ યાદ અપાવે છે ને?

બા : અરે વાહ તેં તો બરાબર ઓળખી કાઢ્યું. આપણે આત્મા છીએ - આપણા શરીર, ભૂમિકાઓ અને ઓળખથી પરે (અલગ), આ જ છે સ્મૃતિનું તિલક! જ્યારે આપણે પોતાને અને બીજાઓને આત્મા તરીકે જોઈએ છીએ, ત્યારે આપણે સ્વાભાવિક રીતે આદર, એકતા અને પ્રેમ સાથે જીવવાનું શરૂ કરીએ છીએ.

રાખડી બાંધવી એ પોતાનામાં એક વ્રત છે, આપણા જીવનમાં શુદ્ધતા પ્રત્યેની પ્રતિબદ્ધતા છે. તે ફક્ત સુશોભન બંગડી બાંધવા વિશે નથી; તે આપણા સાચા, શુદ્ધ સ્વભાવને આત્માઓ તરીકે ઓળખવાની પ્રતિજ્ઞા લેવા વિશે છે.

રુચિ : રક્ષાબંધન દરમિયાન આપણે જે મીઠાઈઓ એકબીજાને વહેંચીએ છીએ એ શું છે?

બા : તે આપણા જીવનમાં લાવવાની ઈચ્છા ધરાવતી મીઠાશનું પ્રતીક છે. શુદ્ધ વિચારો, સકારાત્મક - ઉત્સાહવર્ધક શબ્દો અને શ્રેષ્ઠ કાર્યો એ સાચી મીઠાશ છે જેના માટે આપણે પ્રયત્ન કરવો જોઈએ.

રુચિ : અને ભેટોનું શું?

બા : કોઈ નાની મોટી ભેટ આપવી, વસ્તુ ભેટ આપવી એ કોઈ મોટી વાત નથી એનાથી રક્ષા ક્યાં થવાની? માટે તમારી જાતને ખરેખર મૂલ્યવાન વસ્તુની ભેટ આપવી જોઈએ - જેમ કે કોઈ સારી આદત કે સ્વસ્થ વિચારવાની, મધુર બોલવાની અને સ્નેહથી રહેવાની રીત અપનાવી જોઈએ. છેલ્લે, આ રક્ષાબંધન પર તમે તમારી જાતને સૌથી કિંમતી ભેટ આપી શકો છો. તે છે રાજયોગ મેડીટેશનનો અભ્યાસ. ભલે તે દરરોજ થોડી મિનિટો માટે જ હોય, કારણ કે રાજયોગ દ્વારા પરમાત્માને તમે સ્નેહ પાશમાં બાંધી શકો છો, જે આપણા રક્ષક છે, તમારા આત્માને આધ્યાત્મિક ઉર્જાથી ભરી શકે છે, તમારા મન, શરીર અને સંબંધોને સ્વસ્થ બનાવી શકે છે.

રુચિ : બા તમારી વાત તો સાચી છે પણ રોજ મેડીટેશન કરવા માટે સમય ક્યાં મળે?

બા : અરે વાહ! જમવાનો સમય મળે ટીવી જોવાનો સમય મળે! મોબાઈલમાં જોવા માટે સમય મળે! અને મેડીટેશન કરવા માટે સમય ન મળે એવું કેવું? તારી જેમ જ ઘણા લોકો કહે છે, 'મારી પાસે સમય નથી,' પણ સત્ય કહું તો, વાત સમયની નથી - વાત પ્રતિજ્ઞાની છે, દ્રઢતાની છે, આત્માની શક્તિની છે. **રાજયોગ મેડીટેશન આપણને ઊર્જા બચાવવા, વધુ સારા નિર્ણયો લેવામાં અને વધુ**

(અનુસંધાન પેજ નં. 31 પર)

શ્રીકૃષ્ણનો અનોખો જન્મ અને વિલક્ષણ જીવન

આજકાલ નેતાઓ અને મહાત્માઓનો જન્મ દિવસ ઉજવવાનો રિવાજ છે. વર્ષ દરમિયાન ભારતમાં ક્યારેક વિવેકાનંદ જયંતી ક્યારેક મહાવીર જયંતી, ક્યારેક ગાંધી જયતી, ક્યારેક તિલક જયંતી, ક્યારેક રાષ્ટ્રપતિનો જન્મ દિવસ અને ક્યારેક નેતાજી સુભાષચંદ્ર બોઝનો જન્મદિવસ ઉજવવામાં આવે છે. આ વ્યક્તિઓ અને જયંતીઓ પર આપ વિચાર કરશો તો આમાંથી કંઈક વ્યક્તિઓ તો માત્ર રાજકારણના ક્ષેત્રમાં પ્રતિભાશાળી માનવામાં આવે છે. અને અન્ય કેટલાક ધાર્મિક ક્ષેત્રોમાં. બન્ને ક્ષેત્રોમાં સમાન રૂપથી કોઈનો પ્રભાવ રહ્યો હોય તેવી કદાચ કોઈ વ્યક્તિ નહીં મળે. મળી પણ જાય તો તે વ્યક્તિ પૂજ્ય કોટિની હોતી નથી. પરંતુ શ્રીકૃષ્ણનો જન્મદિવસ દર વર્ષે 'શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ' નામથી ઉજવવામાં આવે છે. કૃષ્ણના જીવનમાં આપને વિલક્ષણતા સ્પષ્ટ રૂપે જોવા મળશે. શ્રીકૃષ્ણ નિર્વિવાદ રૂપથી એક અત્યંત મહાન ધાર્મિક વ્યક્તિ હતા. અને એમને રાજનીતિક પદવી, વહીવટી કુશળતા પણ ખૂબ પ્રાપ્ત હતી. તેથી કૃષ્ણ ચિત્રોમાં અને મંદિરોમાં પ્રભામંડળ (પ્રકાશના તાજ)થી સુશોભિત તથા રત્નજડિત, સોનાના મુકુટથી પણ સુસજ્જિત બતાવવામાં આવે છે. શ્રીકૃષ્ણ જન્માષ્ટમીનો ઉત્સવ આપણને ધાર્મિક અને રાજનીતિક બન્ને સત્તાઓની પરાકાષ્ઠાને પ્રાપ્ત શ્રીકૃષ્ણની યાદ અપાવે છે. શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ આ દૃષ્ટિકોણથી પણ અનુપમ છે. કારણ કે શ્રીકૃષ્ણને તો ભારતના રાજા પણ પૂજે છે અને મહાત્મા પણ મહાન અને પૂજ્ય માને છે.

શ્રીકૃષ્ણ જન્મથી જ મહાન હતા

આ પ્રસંગમાં ધ્યાન આપવાની વાત એ છે કે બીજી જે મહાન વ્યક્તિઓ થઈ છે જેમનો જન્મ દિવસ એક સાર્વજનિક ઉત્સવ બની ગયો છે. તેઓ કોઈ જન્મથી જ પૂજ્ય અને મહાન નહોતા. વિવેકાનંદ સન્યાસી બનીને તેમના કાર્યોથી મહાન બની ગયા. ગાંધીજી પ્રૌઢ અવસ્થામાં એક રાજનીતિક નેતા અથવા સંતના રૂપે પ્રસિદ્ધ થયા. આ વાત તુલસીદાસ, કબીર, દયાનંદ વગેરે વિશે કહી શકીએ છીએ. પરંતુ કૃષ્ણની એ વિશેષતા હતી કે એમના જન્મ સમયે એમની માતાને વિષ્ણુ ચતુર્ભુજના સાક્ષાત્કાર થયા હતા. અને તેઓ જન્મથી જ પૂજ્ય પદવીથી પ્રાપ્ત હતા. આપ એમના કિશોરાવસ્થાનાં ચિત્રોમાં પણ બન્ને તાજથી સુશોભિત જોતા હશો. એમની બાલ્યાવસ્થાનાં જે ચિત્રો મળે છે. એમાં પણ તેઓ મોરપંખ, રત્ન જડિત આભૂષણ તથા પ્રભામંડળયુક્ત જોવામાં આવે છે. આજે પણ જન્માષ્ટમીના દિવસે ભારતની માતાઓ પારણામાં શ્રીકૃષ્ણની કિશોરાવસ્થાની કોઈ ચેતન પ્રતિનિધિના રૂપે બાળકને પારણામાં સુવડાવીને એને બહુ ભાવનાથી હીંચોળે છે. આજે પણ શ્રીકૃષ્ણની બાલ્યાવસ્થાની ઝાંખીઓ લોકો ઘણા રસ અને સન્માનની દૃષ્ટિથી જુએ છે. અન્ય કોઈપણ પ્રસિદ્ધ વ્યક્તિને આ પ્રકારે જન્મથી જ પ્રભામંડળથી યુક્ત ચિત્રિત કરવામાં આવતા નથી. શ્રીકૃષ્ણ સોળે કળા સંપૂર્ણ અને સુંદર હતા. એ પણ એક સત્ય તથ્ય છે કે અન્ય વ્યક્તિઓની જન્મ જયંતીઓ ઉજવવામાં આવે છે તેઓ સોળ કળા સંપૂર્ણ હોતા નથી. માત્ર શ્રી કૃષ્ણ જ સોળે કળાએ સંપૂર્ણ દેવ થયા છે. શ્રીકૃષ્ણમાં શારીરિક આરોગ્યતા અને સુંદરતાની, આત્મિક બળ અને પવિત્રતાની તથા ગુણોની પરાકાષ્ઠા હતી. મનુષ્ય શરીરમાં જે સર્વોત્તમ જન્મ હોય છે. તે એમનો હતો. અન્ય કોઈપણ વ્યક્તિ શારીરિક યા આત્મિક

બન્ને દ્રષ્ટિથી આટલી સુંદર, આકર્ષક, પ્રભાવશાળી થઈ નથી. સતયુગથી લઈને કળિયુગ અંત સુધી અન્ય કોઈ પણ આટલા મહાન ન તો થયા છે અને ન તો થઈ શકે છે.

શ્રીકૃષ્ણ આટલા મહાન કઈ રીતે બન્યા?

શ્રીમદ્ ભગવત ગીતામાં લખ્યું છે કે શ્રીકૃષ્ણ યોગીરાજ હતા. તેઓ યોગાભ્યાસ કરતા હતા. પરંતુ વિચારવાની વાત એ છે કે યોગાભ્યાસ કોઈ અપ્રાપ્ત સિદ્ધિ મેળવવા માટે કરવામાં આવે છે. પરંતુ શ્રીકૃષ્ણ તો પૂર્ણ રીતે તૃપ્ત હતા. કારણ કે એમને ધર્મ, ધન અને જીવન મુક્તિ સર્વ શ્રેષ્ઠ ફળ પ્રાપ્ત હતાં. સોળે કળા સંપૂર્ણ દેવપદથી કઈ ઉચ્ચ પ્રાપ્તિ હોઈ શકે કે જેના માટે શ્રીકૃષ્ણ યોગાભ્યાસ કરતા હતા. શ્રીકૃષ્ણના જીવનમાં તો કોઈ દિવ્યગુણની, આત્મિક પવિત્રતા યા શક્તિની યા શ્રેષ્ઠ ભાગ્ય અંતર્ગત ગણવામાં આવતી અન્ય કોઈ વસ્તુ આયુષ્ય વગેરે કોઈનો અભાવ હતો નહીં જેની પ્રાપ્તિ માટે તેઓ યોગાભ્યાસ કરતા તેથી વિવેક દ્વારા તથા ઈશ્વરીય મહાવાક્યો દ્વારા એ સ્પષ્ટ છે કે શ્રીકૃષ્ણે પોતાના પૂર્વ જન્મમાં અર્થાત્ શ્રીકૃષ્ણ પદ પ્રાપ્ત થવાના પહેલા જન્મમાં યોગાભ્યાસ કર્યો હતો.

ઉક્તિ પ્રસિદ્ધ છે કે ઈશ્વરીય જ્ઞાન દ્વારા નરને શ્રી નારાયણ અને નારીને શ્રી લક્ષ્મી પદની પ્રાપ્તિ થાય છે. તો સ્પષ્ટ છે કે શ્રીકૃષ્ણ પોતાના નારાયણ પદની પ્રાપ્તિથી પહેલા પહેલા જન્મમાં સાધારણ નર રહ્યા હશે. અને આ જીવનમાં એમણે ગીતા જ્ઞાનની ધારણા કરી હશે. ગીતામાં એ ઈશ્વરીય વાક્ય છે કે હે વત્સ, આ જ્ઞાન અને યોગ દ્વારા તૂ રાજા બનીશ એનાથી સિધ્ધ છે કે ‘શ્રી’ની દેવોચિત્ત પદવીના અધિકારી બનવા પહેલાં તથા વૈકુંઠમાં દેવરાજ પદ પ્રાપ્ત કર્યા પહેલાં પૂર્વજન્મમાં શ્રીકૃષ્ણે ગીતા જ્ઞાન અને યોગાભ્યાસ કર્યો હશે.

આજે લોકો જન્માષ્ટમીનો ઉત્સવ ઉજવે છે. એમણે ધ્યાનમાં રાખવું જોઈએ કે શ્રી કૃષ્ણએ ગીતા જ્ઞાન તથા સહજ રાજયોગ દ્વારા તે શ્રેષ્ઠ પદ પ્રાપ્ત કર્યું હશે. ॥ઓમશાંતિ ॥

(પેજ નં. 18નું અનુસંધાન)... લચ્છુ દાદીજી

એક્યુરેટ હતા સેવામાં.

દાદી પાસે ઘણા ડિપાર્ટમેન્ટ હતા, હું મજાકમાં કહેતો, ‘તમારી પાસે આટલા ડિપાર્ટમેન્ટ છે, તો એક ઓફિસ બનાવી લઈએ, હું ફાઈલો મેઈન્ટેન કરીશ, તમે ઓફિસમાં બેસજો.’ દાદીએ કહ્યું, ‘મને જરૂર નથી, હું હરતી ફરતી જ સેવા કરીશ, મારે ચુસ્ત રહેવું છે.’ દાદીએ કોઈ ઓફિસ કે ગાડી માંગી ન હતી, જો તેઓ ઈચ્છતા તો યજ્ઞમાંથી મળી જાત પરંતુ તેમને કોઈ ઈચ્છા જ ન હતી. દાદીને હંમેશા ‘ઈચ્છા માત્રમ અવિદ્યા’ની સ્થિતિમાં જ જોયા. તેમનો ડ્રેસ એક જેવો હતો, તેમની ભાગદોડને કારણે બાબાએ તેમને સલવાર અને કુર્તા પહેરવાની છૂટ આપી હતી. દિવાળી હોય કે કોઈ મોટો પ્રસંગ હોય, તો તે ખૂબ જ ચમકદાર ન હોવો જોઈએ. દાદીએ તેમના વર્તનથી પ્રેરણા આપી. આવા અથાક સેવાધારી લચ્છુદાદી, અંત સુધી સેવા કરતા રહ્યા. 81 વર્ષની ઉંમરે પણ દાદીએ કોઈની સેવા ન લીધી. હરતા-ફરતા એક દિવસ અચાનક દાદીજીની તબિયત બગડી, તેમને ગ્લોબલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. બાદમાં, દાદીજીને ગ્લોબલ હોસ્પિટલથી અમદાવાદ રિફર કરવામાં આવ્યા. બીજા દિવસે 14 ઓગસ્ટ 2013ના રોજ, અમદાવાદમાં સવારે 3.45 વાગ્યે તેમણે પોતાનો દેહ છોડી બાબાની ગોદ લીધી.

અનુવાદ - બ્ર.કુ. વિજય પોશિયા,
ઈન્ડિયા કોલોની, અમદાવાદ.

॥ ઓમશાંતિ ॥

વાસ્તવિકતા અને વિચારોથી થાય છે વ્યક્તિત્ત્વનું નિર્માણ

બ્ર.કુ. રામસિંહ રેવાડી, હરિયાણા

ઘણી પુરાણી વાત છે. બખ્તાવર નામનો વ્યક્તિ એક ગામમાં રહેતો હતો એ સમયે ગામમાં કાચા મકાનો ઉપર છાપરાની છત બનાવવામાં આવતી હતી. દર ત્રણ વર્ષે છતના છાપરાને બદલવામાં આવતાં હતાં.

એક દિવસ તે વ્યક્તિ પોતાના મકાન પર સરકંડોનું છપ્પર બનાવી રહ્યો હતો. અને લગભગ અડધું કાર્ય પૂરું થઈ ચૂક્યું હતું. જ્યારે એક સરકંડોનું બંડલ ઉઠાવીને છત પર બિછાવવા લાગ્યો તો એને અચાનક એવું લાગ્યું કે કોઈ અણીધાર ચીજ એના હાથને વાગી છે. તરત જ એ જગ્યાએથી લોહી વહેવા લાગ્યું.

એણે ઘણા ધ્યાનથી જોયું કે એના હાથ પર નજીક-નજીક બે નિશાન હતાં. જ્યાંથી લોહી નીકળી રહ્યું હતું. એ નિશાન એવાં હતાં કે જાણે સાપ કરડ્યો હોય. પરંતુ તે વિચારવા લાગ્યો કે આ સરકંડોની વચ્ચે સાપ ક્યાંથી આવ્યો. જો સાપ હોય તો જરૂર દેખાઈ આવે. એવું વિચારીને એણે પોતાના હાથથી લોહી સાફ કર્યું. અને સરકંડોને દોરડાથી બાંધી દીધાં. આ રીતે છપ્પરની છત ત્રણ ચાર વર્ષ સુધી ચાલે છે. કારણ તડકો, વરસાદ અને આંધીથી ખરાબ થઈ જાય છે. હવે એ વ્યક્તિએ ચાર વર્ષ બાદ છપ્પરને ફરીથી બનાવવા માટે જૂના સરકંડોને છત ઉપરથી દૂર કરવાનું શરૂ કર્યું. અને દોરીઓ ખોલી જ રહ્યો હતો તો એક મૃત સાપ, જે પાંચ ફૂટ લાંબો હતો તે જોવા મળ્યો.

એ વ્યક્તિનું ધ્યાન એકદમ પાછલા 4 વર્ષની ઘટના તરફ ગયું. જ્યારે એના હાથમાં બે નિશાન હતાં. અને લોહી વહી રહ્યું હતું. એના મસ્તિષ્કમાં શોક લાગ્યો કે એ દિવસે મને સાપ કરડ્યો હતો. પરંતુ હું એને જોઈ શક્યો નહી. કારણ કે તે સાપ સરકંડોના બંડલમાં જ દોરીઓથી બાંધવામાં આવ્યો હતો. અને નીકળી ના શક્યો તેનું આ કંકાલ છે.

એ વ્યક્તિ આ ઘટનાથી એકદમ ગભરાઈ ગયો અને બેહોશ થઈ ગયો. એણે વિચાર્યું કે એને તો આ સાપ કરડ્યો હતો. આ વિચારતાં જ તેનું તત્કાળ મૃત્યુ થઈ ગયું. જો કે સાપ તો એને ચાર વર્ષ પહેલાં કરડ્યો હતો પણ મૃત્યુ અત્યારે થયું. એનું કારણ ઝેર સાપમાં નહોતું પણ એના વિચારોમાં ભર્યું હતું.

શું આજે માનવ સુખી છે? જો છે તો કઈ રીતે? જો દુ:ખી છે તો શા માટે દુ:ખી છે? શું માનવ સફળ છે કે અસફળ? આ સર્વનો જવાબ છે માનવ પર એના વિચારોનો પ્રભાવ અર્થાત્ આ સર્વ પરિસ્થિતિઓના જવાબદાર આપણે છીએ. આપણી ભૌતિક ચીજોથી નહીં, આપણા અવચેતન મન સાથે છે. આજે આપણે જેવી પણ સ્થિતિમાં છીએ ભલે સારી યા ખરાબ એનું બીજ આપણે સ્વયંમાં વાવી દીધું છે. જ્યારે એને અનુકૂળ વાતાવરણ મળશે તો બીજ અવશ્ય ઉગશે. તો પોતાની અસર પણ બતાવશે.

વિચારનું નિશ્ચિંત ફળ અવશ્ય હોય છે

કોઈપણ વિચાર કોઈપણ સ્થિતિમાં ઉત્પન્ન થાય તેનો કદી ક્ષય થતો નથી. એ વિચારનું એક મિશ્રિત પરિણામ હોય છે. જે વ્યક્તિના અંતર્મનમાં સંસ્કાર રૂપી બીજના રૂપમાં સંચિત થાય છે. મનની નકારાત્મક પ્રવૃત્તિઓ ઈચ્છાઓને સકારાત્મક રૂપ આપવાનું કાર્ય અનેક ઉપાયોના માધ્યમથી કરી શકાય છે. એ ઉપાયોને નિરંતર કરવાથી

સકારાત્મક ઊર્જા સબળ બને છે. અને ચેતનમાં શુદ્ધિકરણ પછી અવચેતન મનમાં પ્રવિષ્ટ થાય છે. જ્યાં સમસ્યાનું મૂળ બીજ વિદ્યમાન હોય છે. કોઈપણ રોગ પહેલાં મનમાં ઉત્પન્ન થાય છે ત્યાર પછી એનાં લક્ષણો શરીર પર દેખાય છે.

મનુષ્યની બહારની દુનિયા એના અંદર ઉત્પન્ન થતા વિચારોનું જ પ્રતિફળ છે. મસ્તિષ્કમાંથી નીકળેલા વિચારોનો આપણા શરીર, સ્વાસ્થ્ય અને પરિસ્થિતિ સાથે ગહન સંબંધ છે. મોટે ભાગે અંતર્મનની નકારાત્મક ઉર્જા વિવેકને ભ્રમિત કરી દે છે. જેને કારણે કર્મોમાં અશુદ્ધિ આવી જાય છે. અનેક ઈચ્છાઓને કારણે મનની સ્થિરતા સમાપ્ત થઈ જાય છે. જેનાથી સાચા ખોટાનો વિવેક પણ ક્ષીણ થઈ જાય છે. આપણે વિચાર્યા વિના આવા કર્મોમાં પ્રવૃત્ત થઈ જઈએ છીએ. જેનું દૂરગામી પરિણામ સારું હોતું નથી.

વિચાર જ ભાવના ઉત્પન્ન કરે છે

વિચારોનો સીધો પ્રભાવ આપણા વ્યક્તિત્ત્વ, જીવનના નિર્માણ અને ઊર્જા પર પડે છે. સકારાત્મક ઊર્જા પ્રબળ થવાથી આપણે કોઈપણ કાર્ય પૂરી લગન અને તન્મયતાથી કરી શકીએ છીએ. એનાથી વિપરીત નકારાત્મક ઊર્જા આપણા વિવેકને ક્ષીણ કરી દે છે. એનાથી આપણી નિર્ણય લેવાની ક્ષમતા પ્રભાવિત થાય છે.

વિચાર વ્યક્તિની ભાવનાઓને પ્રેરિત કરે છે. અર્થાત્ આપ જે વિચારો છો તે બની જાય છે. જ્યારે આપના વિચાર આપને અત્યાધિક દુ:ખ અને શોકનું પરિણામ પ્રતીત થાય છે. તો સમજી લેવી જોઈએ કે એ આપના જ વિચાર છે જે દુ:ખને વધારી રહ્યા છે. આપના વિચાર એક ભાવના ઉત્પન્ન કરે છે જેના પર આપ કાર્ય કરો છો.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 26નું અનુસંધાન)... તંદુરસ્તીની ત્રણ

પાવન પણ બની શકાતું નથી. કામ-ક્રોધ-લોભ-મોહ અને અભિમાન રૂપી મનોવિકારો આપણને સાચાં સુખ શાંતિ માણવા દેતા નથી. આ વ્યર્થ વિચારોનો જન્મ દેનાર સંગદોષ અને અન્નદોષથી બચવું જરૂરી છે. રોજનો સત્સંગ અને ખાનપાનની શુદ્ધિથી વ્યર્થ વિચારોથી બચી શકાય છે. જેવું અન્ન એવું મન બની જાય છે! આમ અન્નનો પ્રભાવ મન પર અને મનનો પ્રભાવ તન પર પડે છે તો ચાલો, તન મનની માવજત કરીને ખરા અર્થમાં માયાના મટીને શિવ સંતાન બનીએ અને પરમપિતાને પ્રસન્ન કરીએ.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 27નું અનુસંધાન)... ભાવનાની પાછળ

કંઈ આપની અંદર છે, જેને લીધે ભાવનાને સાઈડ પર રાખી બુધ્ધિ અને ભાવના બંનેનું બેલેન્સ રાખીને વાતને એ વ્યક્તિ સામે રાખવાની કોશિશ કરો. જેથી આપ એ વાતોથી ફ્રી થઈ જશો. સ્વ પરિવર્તનમાં સૌથી મોટો અવરોધ આજ છે. કારણ કે આપણે ઉપર ઉપરથી જ બસ સર્વનું સન્માન કરીએ છીએ. જો અંદરથી રીસ્પેક્ટ, સચ્ચાઈ, સફાઈ હોત તો આપણે કદી ડરતા નહીં. આજે આ સર્વ કારણોને કારણે, આ નાના નાના ડરને કારણે મોટા મોટા રોગોનો સામનો કરવો પડે છે.

તો આ વિષયને થોડું ગંભીરતાથી લઈને આપણે સૌ આ બાબત પર વિચારીએ. સ્વયંના પરિવર્તનમાં આ કડીને જોડીએ. તેનાથી આપનું જીવન પણ સારું બની જશે. આપનું શરીર પણ સ્વસ્થ બનશે. વાતાવરણ પણ ઘણું હળવું બની જશે. તો વાયબ્રેશન પણ સારાં રહેશે. તો આ રીતની ભાવનાથી ઉપર ઉઠીને, બુધ્ધિનું બેલેન્સ બનાવીને સ્વયંને ફ્રી કરીએ, જેનાથી આપણને કષ્ટ થાય છે. ॥ઓમશાંતિ ॥

તંદુરસ્તીની ત્રણ નિશાની કઈ?

બ્ર.કુ. કિશોર મહેતા, ધોરાજી

કેટલાક દિવસ એવા છે જેને વર્ષમાં એક જ દિવસ ઉજવીને રહી જઈએ તો ન ચાલે. જેમ કે આંતરાષ્ટ્રીય મહિલા દિન તે તો આખું વર્ષ તો શું આખું જીવન ઉજવવો જોઈએ, ખરુંને? આવો જ એક દિવસ છે 'વિશ્વ આરોગ્ય દિન' પ્રથમ નંબરનું સુખ જે આપે તે દિવસ રોજ રોજ કેવી રીતે ઉજવવો તે જોઈએ.

સાજા નરવા રહેવું ભલા કોને ન ગમે? તંદુરસ્તીની ત્રણ નિશાની છે. 1. કકડીને ભૂખ લાગવી 2. ઘસઘસાટ ઊંઘ આવવી 3. પેટ સાફ આવવું.

શરીરને સાજુ નરવું રાખવા તેને સારું સારું સાત્વિક ભોજન જમાડીએ. પરંતુ ભૂખ જ ન લાગે તો? ભોજન કરવાની રુચિ જ ન થાય તો ગમે તેવી પૌષ્ટિક વાનગી શું કામની? તેથી ભૂખ લાગે તેવા કીમિયા અજમાવાય છે. જેમ કે પરિશ્રમ કરવો, ભોજનમાં આદુનો પ્રયોગ કરવો વગેરે...

તંદુરસ્તીની બીજી નિશાની છે. ઘસઘસાટ ઊંઘ આવવી. તે પણ સાત્વિક ઊંઘની મોજ તો અનેરી જ છે! જેમાં ખરાબ સ્વપ્ન પણ ન આવે! પરંતુ ઊંઘ જ પૂરતી ન આવે તો? તેને માટે વિવિધ કીમિયા અજમાવાય છે. અરે, કેટલાકને તો ઊંઘની ગોળી લેવી પડે છે. કેમ કે તંદુરસ્તી માટે શરીરને પૂરતી ઊંઘ પણ જરૂરી છે ને?

તંદુરસ્તીની ત્રીજી નિશાની છે પેટ સાફ આવવું શરીર માટે તદ્દન બિનજરૂરી કચરો જેને મળ કહેવાય છે તે જો શરીરમાં ભરાઈ રહે અને કબજીયાત થાય તો તેમાંથી અનેક રોગનો જન્મ થાય છે. તેવું ન થાય તેને માટે રેચક વસ્તુ લેવી પડે છે. વિવિધ હળવી કસરત કરાય છે વગેરે.. ગમે તેમ કરીને તંદુરસ્ત રહેવા માટે મળ વિસર્જન તો થવું જ જોઈએ. જેથી નિરોગી રહેવાય.

આ થઈ શરીરને સાજું નરવું કે તંદુરસ્ત છે એ જાણવાની ત્રણ નિશાનીની વાત. પણ આપણું 'મન' દુરસ્ત છે કે નહીં તેની પણ ત્રણ નિશાની જોઈ લઈએ.

1. મનને ઈશ્વરીય જ્ઞાનની ભૂખ લાગે છે? મનને સાજું નરવું રાખવા સદ્ વિચારોનું ભોજન ખૂબ જ જરૂરી છે. તેમાં ઈશ્વરીય જ્ઞાનનું ભોજન સર્વશ્રેષ્ઠ છે. તે મળી જવાથી તેનું મનન ચિંતન થતું હોઈ મન ખોટા વિચાર કરતું નથી. તે મોજમાં રહે છે અને તેને જીવન જીવવાનો સાચો માર્ગ મળી જાય છે. તેથી જ કહેવાયું છે કે, મન એ જ મનુષ્યના મોક્ષ અને બંધનનું કારણ છે.

2. મનની દુરસ્તીની બીજી નિશાની છે યોગ નિદ્રા. નિદ્રા યોગથી શરીરને આરામ મળે છે તો યોગ રૂપી નિદ્રાથી મનને આરામ મળી જાય છે એટલું જ નહીં પણ મન તેનાથી પ્રફુલ્લિત થઈ જાય છે. તેથી કહેવાયું છે કે, 'મન ચંગા તો કથરોટમેં ગંગા'. આ યોગ એટલે ઈશ્વરની યાદ તેનાથી જનમ જનમના પાપ બળીને ભસ્મ થઈ જાય છે. એટલું જ નહીં પણ તેનાથી આત્મા પાવન બનીને પાવન દુનિયા 'સ્વર્ગ'નો અધિકારી બની જાય છે. આવો સર્વશ્રેષ્ઠ રાજયોગ બ્રહ્માકુમારી વિદ્યાલયમાં મફત શીખવાય છે.

3. મન દુરસ્તીની ત્રીજી નિશાની છે. વ્યર્થ વિચારોનો નિકાલ. આ વ્યર્થ વિચારો યોગ નિદ્રાના ઉત્તમ ફળનો લાભ લેવા દેતા નથી. તેથી આપણા પૂર્વજન્મના પાપ બાળતો રાજયોગ કરી શકાતો નથી અને સ્વર્ગીય દુનિયામાં જવા માટે

(અનુસંધાન પેજ નં. 25 પર)

ભાવનાની પાછળની ભાવના

બ્ર.કુ. અનુજભાઈ, નવી દિલ્હી

આજે બાબાનાં બાળકો બહુ સારા સમજદાર છે. જેમણે પોતાનું સમગ્ર જીવન ભગવાનના કાર્યમાં સમર્પિત કર્યું છે. પછી તે ઘરમાં રહીને યા સેવા કેન્દ્ર પર રહીને સમર્પિત જીવન જીવી રહ્યાં છે. અન્ય સ્થાનો પર પણ પરમાત્માનાં સેવાકાર્યો માટે સમર્પિત છે. જ્યારે સર્વ વાતોને આપણે જોઈએ છીએ, ધ્યાનથી જોઈએ છીએ તો સમજીએ છીએ કે એમની ભાવના અને બુધ્ધિમાં ઘણું બધું અંતર છે. સૌ ભાવનાઓને કારણે પોતાની વાત કોઈની સામે રાખી શકતા નથી કદાચ એને ખરાબ લાગશે. પણ પાછળ આપણે એ પણ વાત કરીએ છીએ કે અમે એના માટે એટલી ભાવના રાખીએ છીએ પણ તેઓ મારી વાત સમજી શકતા નથી. એમને વાત કહેવી છે અને ચૂપ પણ રહેવું છે. સહન પણ કરવાનું છે અને પરેશાન પણ રહેવાનું છે. પછી એ સમજાતું નથી કે આ જ્ઞાન આપણને ક્યાંથી તાકાત આપી રહ્યું છે. કારણ કે જ્યાં સુધી હું મારી વાત કોઈના સામે રાખી શકતો નથી તો હું કેવો જ્ઞાની છું? કેવો યોગી છું ? કારણ કે જ્ઞાન અને યોગ એ વાત પર ડિપેન્ડ કરે છે કે કઈ હદ સુધી સ્વયંને સ્પેસ આપો છો. ખુલ્લાપણું આપો છો. કારણ કે જેટલા ખુલ્લાપણાથી જીવીશું તેટલા હલકા રહીશું.

આ જે આજનો વિષય છે એને લઈને મને એમ લાગે છે કે એક વાત આપણે સારી રીતે સમજી લેવી જોઈએ કે જ્યાં સુધી આપ નાની નાની વાતોને, દર્દને જે આપણને કોઈપણ રીતે ડીસ્ટર્બ કરે છે,એને ભલે કોઈ વ્યક્તિ ગમે તેટલી મોટી હોય, એની સામે ન કહી શકવું એ આપણી બહુ મોટી કમજોરી છે. એ ડરથી કહી શકતા નથી કે કદાચ ખરાબ લાગી જશે. પરંતુ કોઈ બીજા કારણથી ડરી રહ્યા છીએ. કે ક્યાંક એમના મનમાં મારા માટે કોઈ એવી વાત આવી ન જાય. મતલબ કહેવાનો ભાવ એ છે કે જે આપણો દુનિયામાં એક ડર હતો જ્યાંથી કંઈક પ્રાપ્તિ થઈ રહી છે એનું સહન પણ કરવું પડે. પરંતુ શું આપણે સહન કરીને સ્થૂળ ચીજોથી આજ સુધી ખુશ થયા છીએ? આપણે તો હંમેશા સ્થૂળની સાથે સૂક્ષ્મ પણ જોઈએ છે. અને આ સુખ જ વ્યક્તિને દુઃખી બનાવી રહ્યું છે. સ્થૂળ રૂપે તો સર્વની પાસે સર્વ આવી રહ્યું છે પરંતુ જે સૂક્ષ્મ છે તે કોઈને મળી રહ્યું નથી. જેમ કે ખુલ્લાપણું પોતાની વાત રજૂ કરવાની તાકાત વગેરે વગેરે. અરે, આપણે ભગવાનનાં બાળકો છીએ એટલે વાતો તો આવશે તેથી શું થશે? આપણા મનમાં એ પણ ડર હોય છે કે ક્યાંક તે આપણને તેનાથી દૂર ના કરી દે. તેઓ મારા વિશે શું વિચારશે, કે હું આવું વિચારું છું. આવા નાના નાના ડરને કારણે આપણે પોતાની ભાવના અને પોતાની વાતને સારી રીતે કહી શકતા નથી. એને બીજા શબ્દોમાં કહેવામાં આવે તો આપણે વાત કહેવા તો ઈચ્છીએ છીએ પણ વાત કરવાની તાકાત આપણામાં નથી.

આજે વિચારો કે આપણે સ્વયંને કેટલા કમજોર બનાવી રહ્યા છીએ. આ નાના નાના ડરને કારણે ભલે કોઈ ઘરમાં રહેનારા હોય યા સેન્ટર નિવાસી હોય કે પછી બહારની કોઈ કંપનીમાં કામ કરતા હોય, કોઈપણ હોય પણ જ્યાં સુધી ડરની સાથે જીવશો, આ ભયની સાથે જીવશો છતાં તે કદી સ્વસ્થ રહી શકશે નહીં. ન માનસિક રૂપે અને ન શારીરિક રીતે તે સ્વસ્થ રહી શકશે નહીં એટલે જે

(અનુસંધાન પેજ નં. 25 પર)

જ્ઞાન પરબ

આધ્યાત્મિક રહસ્ય - ૪

બ્ર.કુ. જગદીશભાઈ પટેલ, ઈસનપુર

ગતાંકમાં આપણે ગણેશજીની મૂર્તિનું આધ્યાત્મિક રહસ્ય સમજ્યા હતા. ગાણિતિક ભાષામાં ગણનો અર્થ થાય છે સમૂહ. શિવના ભક્તગણના નાયક, અધિપતિ હોવાથી ગણેશજીને ગણપતિ કે ગણેશ કહેવામાં આવે છે. સર્વે દેવોમાં તેઓ પ્રથમ પૂજ્ય હોવાથી પ્રથમેશ છે. ગજ એટલે હાથી, હાથી જેવી મુખાકૃતિ હોવાથી તેમને ગજાનન અને બાળ સ્વરૂપે સર્વેના પ્રિય હોવાથી તેમને મંગલમૂર્તિ કહેવામાં આવે છે. તેઓ શિવપિતા પાસેથી જ્ઞાન અને શક્તિઓ પ્રાપ્ત કરી તેમના ભક્તજનોના વિઘ્નોને હરનાર વિઘ્ન વિનાશક, દુખહર્તા સુખ કર્તા છે. ગણેશજી શિવ આરાધનાથી પ્રાપ્ત સર્વ સિદ્ધિઓથી સંપન્ન રિદ્ધિ સિદ્ધિના દાતા સિદ્ધિવિનાયક છે. આવા અનેક નામોથી ગણેશજીને ઓળખવામાં છે.

ચાલો હવે આપણે ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિનું આધ્યાત્મિક રહસ્ય સમજીએ. કૃષ્ણ પીપળના પાન ઉપર સૂતેલા હોય તેવો ફોટો સૌએ જોયો હશે. બાલ શ્રીકૃષ્ણ ત્રણ-ચાર કિલોના તો હશે જ ને? તો શ્રીકૃષ્ણ પીપળના પાન ઉપર કેવી રીતે સૂઈ શકે? પડી ના જાય? પરંતુ જેવી રીતે, કોઈ પણ વૃક્ષનો છોડ જ્યારે જમીનમાંથી બહાર નીકળે છે, ત્યારે સૌ પ્રથમ તેના બે પાન જમીનની બહાર નીકળી આવે છે. શ્રીકૃષ્ણનું નવી સતયુગી દુનિયામાં સૌ પ્રથમ આગમન થાય છે. મનુષ્ય સૃષ્ટિરૂપી કલ્પવૃક્ષના પ્રથમ બે પાન રાધા અને શ્રીકૃષ્ણ છે. માટે શ્રીકૃષ્ણને પીપળના પાન ઉપર સૂતેલા બતાવવામાં આવે છે. વૃક્ષને તરુ પણ કહેવાય છે. કલ્પતરુના આ પ્રથમ પર્ણ બાલ સ્વરૂપે હોવાથી તેમને તિરૂપતિ બાલાજી પણ કહેવામાં આવે છે. બીજું કારણ એ છે કે 'કલ્પ'ના અંતકાળમાં જ્યારે પ્રલય થાય છે, ત્યારે બધા જ ભૂખંડો પાણીમાં ડૂબી જાય છે. એક ભારત ભૂમિ જ અવિનાશી ખંડ હોવાથી ભારતખંડ ડૂબતો નથી. સાતે-સાત સમુદ્ર એકબીજાને મળેલા હોવાથી ભારતભૂમિને આકાશમાંથી વિહંગાવલોકન કરીએ તો પાણીમાં તરતા પીપળના પાન જેવું દ્રશ્ય દેખાય છે. આવી ભારતભૂમિ પર તેઓ સૌ પ્રથમ આવતા હોવાથી ચિત્રકારે તેમને પીપળના પાન ઉપર સૂતેલા બતાવેલા છે.

ભગવાનનું સૃષ્ટિ પર આગમન થાય છે ત્યારે સૃષ્ટિ પર ઘોર કળિયુગનો સમય ચાલી રહ્યો હોય છે. સર્વત્ર અજ્ઞાનરુપી અંધકાર ફેલાયેલો હોય છે. તેમનો જન્મ મથુરાની જેલમાં થયો હતો અર્થાત ત્યારે તમોપ્રધાન સમય હોય છે. શ્રીકૃષ્ણનો જન્મ કૃષ્ણપક્ષની રાત્રીએ મથુરાની જેલમાં થાય છે. કૃષ્ણપક્ષ એટલે અંધકારનો સમય અને શુક્લપક્ષ એટલે અજવાળાનો સમય. તેઓનો જન્મ કળિયુગના ઘોર અજ્ઞાનરૂપી અંધકારમાં થતો હોવાથી તેમને કૃષ્ણ કહેવામાં આવે છે. તે સમયે જુગાર પણ રમાતો હોય છે, સ્ત્રીનું વસ્ત્રાહરણ પણ થાય છે, ભાઈઓ ભાગની વહેંચણીમાં સોયની અણી જેટલી પણ જમીન આપવા ભાઈઓ તૈયાર હોતા નથી, સુદામા જેવા ગરીબ પણ વસતા હોય છે, દુર્યોધન જેવા દુરાચારી પુત્રો, વડીલોની આમન્યા રાખતા નથી, કંસ જેવા મામા પોતાના સાત-સાત ભાણેજને મારી નાખે છે. આવા ઘોર કળિયુગના સમયે ભગવાન

આવતા હોવાથી જન્માષ્ટમીના થોડા દિવસ અગાઉથી જ કળિયુગી વાયુમંડળ બનાવવા માટે લોકો જુગાર રમવાનું ચાલુ કરી દે છે. બ્રહ્માની રાત્રી પૂરી થતાં અને બ્રહ્માના દિવસની શરૂઆત થતાં રાત્રી અને દિવસના સંગમ સમયે જ ભગવાન આવતા હોવાથી શ્રીકૃષ્ણનો જન્મ બરાબર મધ્ય રાત્રિ એટલે રાત્રિના 12.00 વાગે અને રામનો જન્મ દિવસના બરોબર મધ્યાહ્‌ને એટલે કે દિવસના 12.00 વાગે બતાવવામાં આવે છે. એટલા માટે જ સ્થૂળ દિવસ - રાત્રિના સંગમ સમયે, ઉષાકાળ અને સંધ્યાકાળે જ ખાસ પૂજા આરતી અને દીવાબત્તી કરવામાં આવે છે. આવા કળિયુગ, સતયુગ અને તેના સંગમયુગના ત્રિવેણી સંગમ પર ભગવાન જ્ઞાનગંગા વહાવે છે જેમાં જ્ઞાનસ્નાન કરવાથી હરિના દ્વારે જવાય છે. આ યુગોના ત્રિવેણી સંગમના બદલે, લોકો પાપ ધોવા માટે ગંગા જમના અને સરસ્વતી નદીના ત્રિવેણી સંગમ પર, સ્નાન કરવા હરિદ્વાર સુધી જાય છે.

કૃષ્ણના માથે મુગટમાં મોરપીંછ લગાવવામાં આવે છે, જે પવિત્રતાનું પ્રતીક છે. તેઓ સર્વગુણ સંપન્ન, 16 કળા સંપૂર્ણ, સંપૂર્ણ નિર્વિકારી, મર્યાદા પુરુષોત્તમ હોવાથી 16108 રાણીઓ હોવા છતાં પણ તેમને બાલ બ્રહ્મચારી કહેવામાં આવે છે. તેમના કોઈ સંતાન વિશે પણ આપણે ક્યારેય સાંભળ્યું નથી. એવું કહેવાય છે કે મોર કામ વિકારથી પેદા થતો નથી પરંતું વરસાદની ઋતુમાં મોર આનંદમાં આવી, કળા કરીને નૃત્ય કરે છે, ત્યારે તેની આંખમાંથી જે આનંદના આંસુ પડે છે તે ઢેલ ગ્રહણ કરી લે છે અને આમ પવિત્ર રીતે તે ઈંડા મૂકે છે.

આપણે ગાઈએ છીએ કે શ્રીકૃષ્ણ, ગોવિંદ, હરિ, મુરારી, હે નાથ, નારાયણ, વાસુદેવા. આ બધા જ નામ શ્રીકૃષ્ણના છે. આમ શ્રીકૃષ્ણ અને નારાયણ આ બંને એક જ વ્યક્તિના નામ છે. બાળ શ્રીકૃષ્ણ જ્યારે સતયુગની ગાદી પર બેસે છે ત્યારે તેમને નારાયણ કહેવામાં આવે છે. નારાયણ કોઈ વ્યક્તિનું નહીં પરંતુ પદનું નામ છે જેમ સ્કૂલમાં મુખ્ય શિક્ષકને પ્રિન્સિપાલ કે આચાર્ય કહેવામાં આવે છે, તેવી જ રીતે સતયુગની ગાદી પર બેસનારને નારાયણ કહેવામાં આવે છે. જેવી રીતે અંગ્રેજોમાં એડવર્ડ-1, એડવર્ડ-2, એડવર્ડ-3 એમ ગાદીઓ ચાલતી હતી તેવી જ રીતે સતયુગમાં નારાયણ-1, નારાયણ-2, નારાયણ-3 એમ, નારાયણ પદની આઠ ગાદીઓ ચાલે છે.

કૃષ્ણને હંમેશા મુરલી વગાડતા, રાસ કરતા બતાવવામાં આવે છે. આ દુનિયામાં મુરલી વગાડનારા કલાકારો તો અનેક હોય છે, પરંતુ ભગવાનના મુખેથી જે મહાવાક્ય નીકળે છે જેને આપણે ગીતાજ્ઞાન કહીએ છીએ, વાસ્તવમાં તે એજ મુરલી છે જેને સાંભળવા માટે ગોપિકાઓ અડધી રાત્રે પોતાની સુદબુધ ભૂલીને ભાગી ભાગીને આવતી હતી. આ ગોપીકાઓ બીજી કોઈ જ નહીં પરંતુ અનેક જન્મોથી જંગલોમાં, ગુફાઓમાં, કંદરાઓમાં જે ઋષિમુનિઓ ભગવાનને મળવા માટે તપસ્યા કરતા હતા, તેમની અનેક જન્મોની ભક્તિના ફળ સ્વરૂપે તેઓ કૃષ્ણની સાથે રાસ રમવા માટે ગોપીઓ થઈને આવે છે. ભાગવતમાં ગોપીકાઓના વસ્ત્ર હરણની વાત પણ આવે છે. ગીતામાં આ શરીરને આત્માનું વસ્ત્ર કહેવામાં આવ્યું છે. જેમ જૂનું વસ્ત્ર જીર્ણ થઈ જાય તો તેને ત્યજીને આપણે નવું વસ્ત્ર ધારણ કરીએ છીએ, તેવી જ રીતે આ શરીરરૂપી વસ્ત્ર જૂનું-વૃદ્ધ થાય એટલે એને છોડીને આપણે એક નવું બાળસ્વરૂપનું વસ્ત્ર ધારણ કરીએ છીએ. આ જ્ઞાનમુરલીની તાનમાં મસ્તાની આત્મા દેહરૂપી વસ્ત્રનું પણ ભાન ભૂલી જાય છે. આમ દેહરુપી વસ્ત્રનું ભાન ભૂલી ગોપિકાઓના આત્મિક

સ્વરૂપમાં સ્થિત કરવાની વાતને જ વસ્ત્રાહરણ કહેવામાં આવે છે. ભગવાનના જ્ઞાનને ગોપનીય કહેવામાં આવે છે. ગોપનીય એટલે ગુપ્ત, રહસ્યમય. ઋષિઓ પણ ગુપ્ત વેશે કૃષ્ણની સાથે રાસ રમવા આવે છે, તેથી તેમને ગોપ ગોપી કહેવામાં આવે છે.

કંસના માણસો જ્યારે ગાયોને મથુરા તરફ હાંકી જાય છે ત્યારે સુદામા અને બીજા ગોપ કૃષ્ણને આની જાણ કરે છે, પરંતુ કૃષ્ણ તો બેફિકર મંદ મંદ મુસ્કુરાતા બેસી રહે છે. ત્યારે અનેક આજીજી કરતાં કૃષ્ણ મુરલી વગાડે છે અને બધી જ ગાયો દોડી-દોડીને પાછી આવી જાય છે. આપણે પણ નંદી અર્થાત બ્રહ્માના બાળ ગોપાલ વાછડાઓ છીએ. માયા જ્યારે આપણને એની માયાવી દુનિયામાં ખેંચી જાય છે ત્યારે આપણે લોકો પણ મુરલીની તાન સાંભળીને ફરીથી પાછા બ્રાહ્મણ પરિવારમાં આવી જઈએ છીએ. મુરલી ફક્ત કૃષ્ણના હાથમાં જ નથી હોતી પરંતુ દરેક ગોપની કેડમાં ખોસેલી હોય છે અર્થાત દરેક બ્રાહ્મણને મુરલી ચલાવતા આવડવી જોઈએ. જેવી રીતે ભયંકર વિષધર નાગ પણ મુરલીની તાનમાં એ ભૂલી જાય છે કે પોતે અત્યંત ઝેરી છે. મદારી તેને પકડીને ગુલામ બનાવી દે છે તેવી જ રીતે આ જ્ઞાનમુરલીની ધૂનમાં આત્માના વિકારો રૂપી સાપ શાંત થઈ જાય છે. શાસ્ત્રોમાં વિકારોને વિષની ઉપમા આપેલી છે. પહેલાના જમાનામાં રાજાઓ પોતાના દુશ્મનને મારવા માટે વિષ કન્યા એટલે કે વિષયા જેને આજના જમાનામાં વેશ્યા કહેવામાં આવે છે તેને મોકલતા હતા. આ મુરલી વિકારો રૂપી વિષધરને શાંત કરી દે છે એટલે જ કહેવાય છે કે તેરી મુરલી મેં હૈ જાદુ.

કૃષ્ણ લીલામાં નાગદમનની વાત આવે છે, જેમાં કાલીનાગ પાંચ મુખવાળો હોય છે. વાસ્તવમાં પાંચ મુખવાળો નાગ દુનિયામાં ક્યાંય હોતો નથી પરંતુ નાગના આ પાંચ મુખ એ પાંચ વિકારોનું પ્રતીક છે, જેના ઉપર વિજય મેળવીને અતિન્દ્રિય આનંદમાં આવીને કૃષ્ણ નૃત્ય કરે છે. વિકારોને વશ કર્યા તેને જ નાગદમન કર્યું કહેવામાં આવે છે. આ વિકારોરૂપી ઝેરી સાપને તપસ્યા કરીને મહાવીર સ્વામી છત્રછાયા બનાવીને સેવાધારી બનાવી દે છે. શંકર ભગવાન તેને ગળાનો હાર બનાવી દે છે. નારાયણ તેને સૂવાની સૈયા બનાવી દે છે. આમ, તપસ્યા દ્વારા વિકારોને વશ કરવામાં આવે છે, જેને શાસ્ત્રમાં જુદી જુદી રીતે દર્શાવવામાં આવેલ છે.

કૃષ્ણના હાથમાં સ્વદર્શન ચક્ર બતાવવામાં આવે છે, આ એવું શસ્ત્ર છે કે જે માયાના કોઈ પણ રૂપને નિષ્ક્રિય કરીને જ પાછું ફરે છે. ચારેય યુગમાં આત્માના પરિભ્રમણની આત્મિક સ્થિતિ કેવી છે, સતોપ્રધાન થી રજોપ્રધાન તેમજ તમોપ્રધાન કેવી રીતે બને છે તે આત્મદર્શન કરવાના પ્રતિકરૂપે જ સ્વદર્શન ચક્ર બતાવવામાં આવે છે. આ સ્વદર્શન ચક્ર ફક્ત કૃષ્ણ પાસે જ નથી હોતુ પરંતુ શિવની શક્તિઓ દરેક દેવીઓ પાસે પણ હોય છે, જે લક્ષને પ્રાપ્ત કરીને જ પાછું ફરે છે. આપણે સર્વે બ્રાહ્મણો પણ સ્વદર્શન ચક્રધારી છીએ.

શ્રીકૃષ્ણની પાછળ ગાય ઊભેલી બતાવવામાં આવે છે. આ ગાય તે નિરાકાર પરમાત્મા શિવનું વાહન નંદીનું ચિત્ર છે. ગીતાનું પહેલું પાનું ખોલીએ તો એક રથનું ચિત્ર હોય છે જેમાં કૃષ્ણ અને અર્જુન રથમાં બેસીને સંવાદ કરતા હોય છે. જેની નીચે લખ્યું હોય છે કે પાંચ ઈન્દ્રિયો પાંચ ઘોડા છે મન સારથી અને બુદ્ધિ લગામ છે એવા આ રથને ચલાવનાર આત્મા રથી છે. એટલે જ સ્મશાન યાત્રા નીકળે તેને આપણે અર્થી નીકળી એમ કહીએ છીએ. અર્થી એટલે અ રથી આત્મા રથી

વગરનો રથ, એટલે કે શબ નીકળ્યું. અર્જુન મહાભારતના યુદ્ધમાં 10 દિવસ થવા છતાં પણ ભીષ્મપિતાને મારતો નથી ત્યારે ભગવાન પોતાનું વિરાટ સ્વરૂપ બતાવે છે જે હજારો સૂર્ય જેટલું તેજોમય જ્યોતિ સ્વરૂપ હોય છે, અને કહે છે કે, જો હું તને આદેશ આપનાર કોણ છું. આમ નિરાકાર જ્યોતિ સ્વરૂપ શિવ પરમાત્માએ કૃષ્ણના દેહરૂપી રથ દ્વારા ગીતા જ્ઞાન આપ્યુ હતું. નિરાકાર ભગવાન શિવ જયોતિ સ્વરૂપ છે અને આ દેહ રૂપી ગાય એ કૃષ્ણ છે એટલે જ કૃષ્ણની પાછળ ગાય બતાવવામાં આવે છે જે વાસ્તવમાં શિવનું વાહન નંદી અર્થાત કૃષ્ણનો કળિયુગનો અંતિમ જન્મ બ્રહ્મા છે. પરંતુ પ્રત્યક્ષતાનો સમય ખૂબજ ઓછો હોવાથી અને બ્રહ્મા ગુપ્ત હોવાથી લોકો કૃષ્ણને ગીતા જ્ઞાનદાતા સમજી લે છે.

નંદી નિરાકાર પરમાત્માનું વાહન હોવાથી આજે પણ લોકો મંદિરમાં ગાયનું દાન કરે છે અથવા તો ચાંદીની ગાય આપતા હોય છે. ગાયના પૂછડાની પૂજા કરવામાં આવે છે. કહેવાય છે કે ગાયનું પૂછડું પકડો તો ભવસાગરને પાર કરી જવાય. વાસ્તવમાં આ પૂછડું એ નંદીનું જ પૂછડું છે. નંદી એ બ્રહ્માનું પ્રતીક હોવાથી બ્રહ્માએ સૃષ્ટિ પરિવર્તન સમયે જેવું આચરણ કર્યું તેવું આચરણ કરનાર, બ્રહ્માને પૂછડે પૂછડે ચાલનાર અર્થાત્ ફોલો ફાધર કરનાર ભવસાગરને પાર કરી જાય છે. આ આબૂ પર્વત એ જ ગોવર્ધન પર્વત છે જ્યાં ગૌ અર્થાત્ નંદીના સંતાન બ્રાહ્મણો, બ્રહ્માકુમારી - કુમાર વૃદ્ધિ પામે છે. આ પર્વત ઉપર ગમે એટલો પ્રલય આવે તો પણ પાણી આવી શકે નહીં આ રીતે જ આ ગોવર્ધન પર્વત પર બ્રહ્માકુમારો અને કુમારીઓનું રક્ષણ થાય છે. આ બ્રાહ્મણ કુળ જ નંદીનું ગૌકુલ અને બ્રહ્મા એ ગૌપાલ છે. આ નદીનું મુખ જ ગૌમુખ છે જેમાંથી જ્ઞાન રૂપે ગંગા વહે છે.

(વધુ આવતાં અંકે) ॥ઓમશાંતિ॥

(પેજ નં. 21નું અનુસંધાન)... રક્ષાબંધન

સંતોષકારક જીવન જીવવામાં મદદ કરે છે. વળી આપણે તો 24 કલાકમાંથી કેટલો સમય એમ ને એમ વેડફી નાખીએ છીએ. તો પોતાના કલ્યાણ માટે થોડો સમય કાઢી ન શકાય?

રુચિ: સાચી વાત છે. બા આપનો ખૂબ ખૂબ આભાર! ખરેખર આવી મહત્વપૂર્ણ વાતો તો કોઈએ અમને સંભળાવી જ નથી. સાચા અર્થમાં રક્ષાબંધન તો આધ્યાત્મિક ઉત્સવ છે. આત્માની રક્ષા કરવા માટેનો પવિત્ર તહેવાર છે.

આત્માની રક્ષા કરવા માટે મેં તો પૂરી તૈયારી કરી લીધી. સાચા અર્થમાં પરમાત્મા પાસેથી રક્ષા સૂત્ર બાંધી લીધું. શું તમે પણ તૈયાર છો રક્ષા સુત્ર બાંધવા માટે?

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 12નું અનુસંધાન)... સમય જે ઈશારો

એ કહે છે કે બાળકો, એક સેકંડમાં અશરીરી બની જાઓ કારણ કે અંતિમ સમય જે આવશે ત્યારે પેપર એક સેકંડનું હશે અને એ એક સેકંડના પેપરમાં જો અશરીરી બનવાનો અભ્યાસ હશે. તો તેવી જ અંતિમ ઘડી આવશે. તો આપણે સહજ નિરાકારી બનીને ઉડી શકીશું. અને પાસ વીથ ઓનર બની જઈશુ. તો આપણે આ અભ્યાસ ડેવલપ કરવો બહુ જરૂરી છે.

જેમ જેમ સમય આગળ વધતો જાય છે તે રીતે આપણો અશરીરીપણાનો અભ્યાસ વધવો જોઈએ. પરંતુ દુનિયાની પરિસ્થિતિઓ પણ એવી આવશે જે હલાવી દેશે. એ સમયે આપણે ભૂલી જઈએ છીએ કે મારે અશરીરી બનવાનું છે. તો અંતિમ સમયે સ્મૃતિ અને વિસ્મૃતિનો ખેલ થશે.

॥ ઓમશાંતિ ॥

દિવ્યદર્શન

અલોકિક મા : દાદી પ્રકાશમણિજી

બ્ર.કુ. ડૉ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.



બાલ્યકાળથી પવિત્રતાની મૂર્તિ પરમ આદરણીય દાદી પ્રકાશમણિજીનો જન્મ પાકિસ્તાન દેશના ત્યારના સિંધ હૈદરાબાદ શહેરમાં ઈ.સ. ૧૯૨૨માં ભક્તિભાવમય અને સુખી કુટુંબમાં થયો. તેમનું લૌકિક નામ રમા હતું. દાદીજી બાળપણથી જ કૃષ્ણમય ભક્તિભાવ અને સાદગીવાળા હતા. તેઓ ભણવામાં ખૂબ તેજસ્વી વિદ્યાર્થિની હતા. બ્રહ્માકુમારીઝ સંસ્થાના પ્રથમ પ્રશાસિકા જગદંબા સરસ્વતી (મમ્મા) પણ તેમના લૌકિક અભ્યાસમાં સહઅધ્યાયી હતા. દાદીજી જ્યારે દસમાં ધોરણમાં ભણતા હતા ત્યારે ઈ.સ. 1936માં તેમના જીવનમાં એક મહત્વપૂર્ણ બનાવ બન્યો. માત્ર 14 વર્ષની બાળ ઉંમરે તેઓએ આધ્યાત્મિક પથ પર પ્રયાણ શરુ કર્યું. ઘટના એ ઘટી કે, હૈદરાબાદ શહેરમાં દાદા લેખરાજના ઘરે સત્સંગ ચાલતો હતો, ત્યારે દાદીજી પહેલી વાર આ સત્સંગમાં આવ્યા. તે સમયે પિતાશ્રી બ્રહ્માબાબાને જોતા તેમને શ્રીકૃષ્ણનો સાક્ષાત્કાર થયો. તેમની કૃષ્ણદર્શન કરવાની ઈચ્છા પૂરી થઈ જતા ખૂબ જ ભાવવિભોર થઈ ગયા. તે સમયે ત્યાંના 'ઓમધ્વનિ'ના ઉચ્ચારણથી નિર્મિત અલોકિક વાતાવરણથી તેઓ ખૂબ આકર્ષિત થયા હતા. તેઓને તે સમયે પ્રજાપિતા બ્રહ્માબાબાના સાકાર દેહમાં અવતરિત પરમપિતા શિવ પરમાત્માને ઓળખવામાં કોઈ વાર લાગી જ નહિ, તે તરત જ ઓળખી ગયા. દાદીજી 15 વર્ષની નાની વયમાં અભ્યાસ અધૂરો મૂકી તેમણે પોતાનું જીવન શિવપિતાને સમર્પિત કર્યું. પાર્વતીની જેમ શિવને સાજન બનાવ્યા અને શિવબાબાના અનન્ય લાડલા બાળક બની પિતાવ્રતા રહી સમગ્ર જીવન જીવ્યા. ઈ.સ. 1936-2007 એટલે કે આશરે સાત દાયકા જેટલો સમય વિશ્વની કોઈ પણ દુઃખી, પીડિત, માનવજાતની બેહદ સેવામાં રહી, તેઓએ વિશ્વકલ્યાણનું ભગીરથ કાર્ય કર્યું. 25 ઓગસ્ટ 2007ના રોજ સવારે 10 વાગે આબુ-રોડના શાંતિવન પરિસરમાં તેઓએ સાકાર દેહનો ત્યાગ કર્યો. તેમના પાર્થિવને બીજે દિવસે માઉન્ટ આબુના ચારેય ધામની યાત્રા કરાવી. સરકારી પ્રશાસનની મંજૂરી સાથે શાંતિવન પરિસરમાં દેશ-વિદેશના મોટી સંખ્યામાં બ્રહ્માવત્સોની ઉપસ્થિતિમા અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યા. હજારો લોકોએ પાર્થિવ દેહના અંતિમ દર્શન કરી શ્રદ્ધાસુમન અર્પિત કરી, ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી. ધર્મરાજ યુધિષ્ઠિરની જેમ દાદી પ્રકાશમણિ આજીવન સદા સત્ય વચન બોલ્યા, તેઓ ક્યારેય જીવનમાં જૂઠું

નથી બોલ્યા, ક્યારેય કોઈ ખોટો વ્યવહાર કર્યો નથી. તેમ કહી શકાય કે દાદીજીને જૂઠું બોલતા આવડતું જ નહોતું. તેઓ સત્યની દેવી બનીને રહ્યા. તેઓ પવિત્રતાની પ્રતિમૂર્તિ પણ હતા. તેમની પવિત્ર રૂહાની દ્રષ્ટિથી સેંકડો આત્માઓએ આજીવન પવિત્ર જીવન જીવવાનું વ્રત અને પ્રતિજ્ઞા પણ લીધેલ. તેઓ રુદ્રજ્ઞાન યજ્ઞમાં જોડાયા ત્યારથી જ બાબા પ્રત્યે સંપૂર્ણ નિશ્ચય, બાબાની દરેક શ્રીમતને દિલથી શિરોમાન્ય રાખી, યોગ્ય રક્ષક, વફાદાર, ફરમાન-વરદાર બનીને રહ્યા. દાદીજી એક મીરાની જેમ - ‘મારા તો એક શિવબાબા, બીજું કોઈ નહિ’. તેમ અનાસકત, નષ્ટોમોહા જીવન જીવ્યા. કરુણાની મૂર્તિ અને દયાની દેવી હતા. પ્રત્યેક આત્મા માટે શુભભાવના, સૌ કોઈ માટે પ્રેમભાવ, આદરભાવ તેમણે સદા રાખ્યો. વાણીની સાથે વ્યક્તિગત આદર્શ આચરણથી, સૌના ગુણગાન ગાતા અને બ્રહ્માવત્સોમાં કાયમ સંતુષ્ટતા, દિવ્યતા સંપન્ન, પ્રસન્નચિત રહેતા. તેમના શાંત, મીઠા અને પ્રેમભાવપૂર્ણ વ્યવહાર થકી અનેક લોકોના દુઃખ દૂર કરી આનંદ આપ્યો. તેઓ જીવન પર્યંત અંતિમ શ્વાસ સુધી શિવબાબાના આદર્શ વિદ્યાર્થી બનીને રહ્યા. બ્રહ્મમૂહર્તમાં શક્તિશાળી યોગ, દરરોજ જ્ઞાનમુરલી સંભળાવ્યા પછી પણ મુરલીનું લગભગ ત્રણેક વખત અધ્યયન દિનચર્યા જરૂર કરતા. સમય, સંકલ્પ, શ્વાસને બેહદની સેવામાં ઉપયોગ કરી વિશ્વના સેંકડો લોકોના હૃદયમાં સ્થાન મેળવી, લોકોના જીવન ઉજ્જવળ કરતા રહ્યા. ઉદયપુરની મોહનલાલ સુખડિયા યુનિવર્સિટીએ ડો.લીટ.ની માનદડિગ્રીથી તેમને સન્માનિત કર્યા હતા. ઈ.સ. 1970ના જાન્યુઆરી માસમાં સંસ્થાના નિમિત્ત સંસ્થાપક પિતાશ્રી બ્રહ્માબાબાએ પોતાના પાર્થિવ દેહનો ત્યાગ કરી, ફરિશ્તા બન્યા. તે સમયે બાબાએ દાદી પ્રકાશમણિજીની યોગ્યતા, શક્તિઓ અને ગુણોને જોતા મુખ્ય પ્રશાસિકાનું પદ અને સંસ્થાનું સુકાન સોંપ્યું. દાદીજીએ માત્ર ૩૮ વર્ષ બ્રહ્માકુમાર ભાઈ-બહેનોની માતા-પિતા બની પ્રેમભરી પાલના કરી, સંગઠનને ખૂબ મજબૂત બનાવી, વિશ્વવ્યાપી બનાવી દીધું. દાદીજીએ વિભિન્ન જાતિભેદ, વર્ણભેદ, ધર્મભેદ, રંગભેદ, પ્રાંતભેદને સંપૂર્ણપણે પૂરો કરી વસુધૈવ કુટુંબકમની ભાવના સર્વમાં જાગૃત કરી. વિશ્વની ચારેય દિશાઓમાં અનેક વિશ્વયાત્રાઓ કરી મમતામયી દાદીમાંએ સમગ્ર વિશ્વમાં માનવતાની મહેંક ચારે તરફ પ્રસરાઈ ગઈ. જે ભાઈ-બહેનોએ બ્રહ્માબાબાને સાકારમાં જોયા ન હતા, પણ સદાય તેમને ફોલો ફાધર કરી જીવન જીવનારા ઈશ્વરીય પરિવારના, વિશ્વના અધ્યાત્મિક માં સમાન દાદીજીને જોઈ, પોતાનું સમગ્ર જીવન પ્રભુને સમર્પિત કરી, વિશ્વકલ્યાણની બેહદ સેવામાં જોડાઈ ગયા. તેના ફળસ્વરૂપે સાકાર બ્રહ્માબાબાના સમયે સંસ્થાનું નાનું વટવૃક્ષ અત્યારે વિશ્વવ્યાપી વિરાટવૃક્ષ બની ગયું છે. દાદીના શ્રેષ્ઠ અને કૌશલ્યશાળી પ્રશાસનને કારણે અત્યારે વિશ્વના પાંચેય મહાદીપમાં ૧૬૦ જેટલા દેશોમાં 9 લાખથી વધુ ભાઈ-બહેનોને આધ્યાત્મિક સશક્તિકરણ, માનવીય નૈતિક મૂલ્યના પ્રસાર-પ્રચાર કરી, સ્વર્ણિમ દુનિયાના નવનિર્માણનું ભગીરથ કાર્ય વર્તમાનમાં પણ ચાલી રહ્યું છે. ચાલો આપણે પણ સૌ દાદીજીના જીવનચરિત્રમાંથી દિવ્યજીવન જીવવાનો ઉપદેશ મેળવી, સ્વયંની કમી-કમજોરીનો ત્યાગ કરી દિવ્યગુણ સંપન્ન જીવન બનાવી દાદીજીને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ. ॥ **ઓમશાંતિ** ॥

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Gujarat Offset Private Ltd. 'Offset House', Opp. Jain Ashram, Station Road, Vatva, Ahmedabad – 382 440. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલી ભાગ – ૫૭ અહીં પ્રસ્તુત છે. જેની આડી–ઉભી ચાવીઓ ભરશો. જ્ઞાનના ચિંતનના આધારે આપના જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. આપને આવતાં અંકમાં ભાગ – ૫૭ના જવાબો મળશે. આ સાથે નીચે ભાગ – ૫૬ના જવાબો આપેલ છે.

સંગમયુગની શબ્દાવલી ભાગ - ૫૭

1		2	3	4	5	■	6	7	8
	■	9					■	10	
11			■		■	■	12		
	■	13	14		15		■		■
16	17	■		■		■	18	■	■
■		■	19	20		■	21		■
22		23	■		■	■		■	24
■	25				26	■	27		
28			■	■		■		■	
	■	29		■		■	30		

શબ્દાવલી ભાગ - ૫૬ના જવાબોવાળું કોષ્ટક

1 અ	2 વિ	3 ના	શી	■	4 ગુ	5 રૂ	પૂ	ર્ણિ	6 મા
7 જ	રા	ક	■	8 સ્વ	રૂ	પ	■	■	ઈ
9 ર	મ	■	10 ર	■	વા	■	11 ક	12 લા	ક
અ	■	13 આ	વિ	ષ્કા	ર	■	14 બી	જ	■
15 મ	ર	જી	વા	■	■	16 શુ	ર	■	17 મા
ર	■	18 વ	ર	19 દા	ની	ભ	વ	20 ન	■
21 અ	22 મ	ન	■	દી	■	■	23 ડ	ગ	24 ર
25 વિ	મ	■	26 ક્ષ	મા	27 શી	28 લ	■	29 ર	ક્ત
30 ના	રા	31 ય	ણી	■	32 વ	ગ	33 ડો	■	દા
શી	■	34 શ	ક	લ	■	35 ન	ન	ન	ન

આડી ચાવીઓ

૧. દાદી પ્રકાશમણિ (૬)
૬. તાજ, મુગટ (૩)
૯. જ્ઞાન ચક્ષુ (૫)
૧૦. લેગ(૨)
૧૧. શાંત (૩)
૧૨. એક ધાન્ય (૩)
૧૩. ઓમ ...... (૫)
૧૬. ....., પુરુષ, ભાઈ (૨)
૧૯. વિષ્ણુનો અલંકાર (૩)
૨૧. મંત્ર, ..., યંત્ર (૨)
૨૨. રીલેશન (૩)
૨૫. સંપતિ (૫)
૨૭. એક ગુણ (૪)
૨૮. ચણાના લોટની પૂરી (૩)
૨૯. મેપ (૨)
૩૦. મા તૂજે ..... (૩)

ઊભી ચાવીઓ

૧. સરસ્વતી (૫)
૨. બ્રહ્માકુમારી આબુરોડનું સ્થાન(૪)
૩. ગ્રીસનું હિંદી(૨)
૪. ..... બુધ્ધિ (૪)
૫. મને શબ્દનું વિરોધી (૨)
૭. ભૂખ્યા રહેવુ (૪)
૮. શહેર (૩)
૧૪. ગણેશજીના લાડુ (૩)
૧૫. વા વાયાને ..... ઉમટ્યા (૩)
૧૭. બળેવ, રાખડીનો તહેવાર (૫)
૧૮. ૧૫ મી ઓગષ્ટ (૬)
૨૦. સત્ય કી ..... હમ જલાયેંગે (૩)
૨૩. રીચ, ધનિક (૪)
૨૪. ત્રેતામાં .....નું રાજ્ય (૪)
૨૬. અંધારૂ (૩)
૨૮. સ્ટોરી (૨)

રાજકોટ ભોજલરામ સેવાકેન્દ્ર ખાતે આયુર્વેદ સેન્ટર દ્વારા
'ડાયાબીટીસ નિદાન કેમ્પ'ના ઉદ્‌ઘાટનમાં ડૉ. ધ્રુવીબેન,
ડૉ. રિધ્ધિબેન, બાબુભાઈ, ભરતભાઈ કુબાવત, બ્ર.કુ. લક્ષ્મીબેન.

સુરત વરાછામાં 'યોગ દિવસે' હોમગાર્ડસ્ માટે આયોજીત જીલ્લા
હોમગાર્ડ કમાન્ડર ડૉ. પ્રફુલ્લભાઈ શિરોયા, હોમગાર્ડ ઓફિસર
વિજયભાઈ રાઠોડ, ફીઝીયોથેરાપી ડૉ. જીજ્ઞાબેન, બ્ર.કુ. તૃપ્તિબેન.

વ્યારા સેવાકેન્દ્રમાં ગુજરાત યોગ બોર્ડના કૉઓર્ડીનેટર ભગિની જ્યોતિ
મહાલયને 'વિશ્વ યોગ દિવસે' ઈશ્વરીય સોગાત આપતાં
બ્ર.કુ. દિપાબેન સાથે યોગકોચ ભગિની આરતીબેન તથા રેખાબેન.

ખેડામાં શાંતિ નિકેતન ઈન્ટરનેશનલ સ્કુલમાં આયોજીત
'આંતરરાષ્ટ્રીય યોગા દિવસ'ના કાર્યક્રમમાં શાળાના આચાર્ય
ભ્રાતા રમેશભાઈ શુક્લને ઈશ્વરીય સોગાત આપતાં બ્ર.કુ. દક્ષાબેન.

વડોદરા સેન્ટ્રલ જેલમાં 'જ્ઞાનયોગ શિબિર' દરમ્યાન આર્શિવચન
આપતાં બ્ર.કુ. ડૉ. નિરંજનાબેન, સુપ્રિન્ટેન્ડન્ટ ભગિની ઉષાબેન,
બ્ર.કુ. નરેન્દ્રભાઈ, બ્ર.કુ. ભાવનાબેન તથા અન્ય અધિકારીઓ.

અમદાવાદ ઈન્ડીયા કૉલોની ખાતે પ્લેન એરક્રેશમાં દિવગંત
આત્માઓને શ્રધ્ધાંજલી આપતાં બ્ર.કુ. ભાનુબેન,
દિવગંત બી.કે. આત્માઓના પરીવાર તથા બ્રહ્માવત્સો.

સાઘલીમાં મનન વિદ્યાલય ખાતે વિદ્યાર્થીઓ માટે આયોજીત
'વિશ્વ યોગ દિવસ'ના કાર્યક્રમમાં યોગાચાર્ય ભ્રાતા દુષ્યતભાઈ મોદી,
યોગપ્રશિક્ષક નયનાબેન, બ્ર.કુ. પારૂલબેન, બ્ર.કુ. શૈલેષભાઈ.

માણેજામાં 'ઘર બને મંદિર' કાર્યક્રમમાં પધારેલ કાઉન્સીલર
હેમલત્તાબેન, મહિલા મોરચાના પ્રમુખ દક્ષાબેન તડવી, યોગા ટ્રેનર
સંગીતાબેન, બ્ર.કુ. ધીરજબેન, બ્ર.કુ. કાજલબેન, બ્ર.કુ. રીટાબેન.

Gyan Amrit Vol.18 | Issue 08 | August 2025 | Retail Price - 15/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month.
Registered under Postal Registration No. AHD-C/21/2023-2025 Vaild up to 31st December-2025 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/NG/109/2023-2025 valid up to 31st December 2025, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

રાજકોટ પંચશીલ પાર્ક ખાતે 'ગુરૂપૂર્ણિમા' પર્વે રાજયોગિની ભારતીદીદીનું શૉલથી સન્માન કર્યા બાદ સમૂહચિત્રમાં રાજકોટ મ્યુનિસિપલ કૉરપોરેશનના દંડક ભ્રાતા સુરેન્દ્રસિંહ વાળા, વોર્ડ કાઉન્સીલર ભગિની સોનલબેન તથા અન્ય પદાઅધિકારીઓ, બ્ર.કુ. અંજુબેન, બ્ર.કુ. કિંજલબેન, બ્ર.કુ. આરતીબેન.

અમદાવાદ સુખશાંતિ ભવનમાં 'વિશ્વ ખેલ પત્રકાર દિવસે' આયોજીત સ્પીરીચ્યુઅલ રીટ્રીટમાં પધારેલ ખેલ પત્રકારોના સન્માન બાદ સમૂહચિત્રમાં રાષ્ટ્રીય ખેલ પત્રકાર સંઘના પ્રમુખ ભ્રાતા તૃષારભાઈ, સ્પોર્ટસ્ વીંગના નેશનલ કૉઓર્ડીનેટર બ્ર.કુ. ડૉ. જગબીરભાઈ, બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. અમરબેન, બ્ર.કુ. ડૉ. નંદિનીબેન.

અમરેલીમાં આયોજીત 'ત્રિદિવસીય ગહન યોગ તપસ્યા ભઠ્ઠી'નું ઉદ્ઘાટન કરતાં DDO ભ્રાતા પરિમલભાઈ પંડ્યા, મુખ્ય વક્તા બ્ર.કુ. પૂનમબેન, બ્ર.કુ. ગીતાબેન તથા અન્ય બ્રહ્માકુમારી બહેનો.



ઉમરપાડા સેવાકેન્દ્રની મુલાકાતે પધારેલ ગુજરાત સરકારના નિવૃત્ત માહિતી કમિશનર અને GSFCના અગ્રસચિવ ભ્રાતા વી.એસ.ગઢવી Rtd.IASને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. મીનાબેન.

નવસારી NMC સ્પોર્ટસ્ ક્લબમાં મ્યુનિસિપલ કૉરપોરેશન દ્વારા આયોજીત 'ધ્યાન શિબિર'માં બ્ર.કુ. અલ્પનાબેનને તુલસીનો છોડ આપી સન્માન કરતાં ડેપ્યુટી કમિશનર ભ્રાતા જે.યુ. વસાવા, બાજુમાં બ્ર.કુ. ગીતાબેન.

વડોદરા મંગલવાડીમાં 'યોગ દિવસે' આયોજીત મહિલા સંમેલનમાં શિક્ષક ભગિની શાલિનીબેન, સંગીની ટ્રસ્ટના માધુરીબેન, યોગાચાર્ય ભગિની ફાલ્ગુનીબેન, સર્વપેથી યોગાલયના રીયાબેન, બ્ર.કુ. રાજબેન તથા પ્રવચન કરતાં બ્ર.કુ. જયશ્રીબેન.

If Undelivered Please Return to Publishing Place :
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

Publisher : Bharti Ranchhoddas Somaiya
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com